**સુવિચાર**
સુંદર આકૃતિ બનાવ્યા પછી તેના ઉપર રંગ ઢોળી નાખવો એનું નામ જ ક્રોધ !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૭/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
સુખ તો સવાર જેવું હોય છે સાહેબ, માંગવાથી નહી જાગવાથી મળે છે !
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૭ વર્ષ : ૧૬ અંક : ૧૭૨

## અમરેલીની સિવિલ હોસ્પિટલનાં પટાંગણમાં બનેલ બનાવ સીસીટીવી કેમેરામાં કેદ

# સાવરકુંડલાનાં ૩ વ્યકિતઓ ઉપર કાર ચડાવી હત્યાનાં પ્રયાસથી ચકચાર

થોડા દિવસો પહેલા થયેલ માથાકુટમાં ઈજાગ્રસ્ત થયેલ એક વ્યકિતની સિવિલમાં સારવાર શરૂ હતી

દરમિયાનમાં ઘાયલ થયેલ વ્યકિત અને અન્ય ૨ વ્યકિતઓ સિવિલનાં પટાંગણમાં ચા પીવા જતા હતા

થોડી જ ક્ષણમાં અજાણ્યા કાર ચાલકે પુરપાટ ગતિએ કાર ચલાવી ત્રણેય વ્યકિતઓને હડફેટે લીધા

બનાવ અંગે ભોગ બનનાર વકીલે કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી




અમરેલી, તા. ૧

અમરેલીની સિવિલ હોસિપટલનાં પટાંગણમાં પસાર થઈ રહેલ એક વકીલ સહિત ૩ વ્યકિતઓ ઉપર પુરપાટ ઝડપે કાર ચડાવી દઈ હત્યાનો પ્રયાસ થતાં કાયદો અને વ્યવસ્થાનીપરિસ્થિતિસામેઅનેકપ્રશ્નો ઉપસ્થિત થયા છે અને સમગ્ર ઘટના સીસીટીવીકેમેરામાંદાખલથયેલછે.

વિગતએવાપ્રકારનીછે કે, સાવરકુંડલાગામેઆવેલહાથસણીરોડ ખોડીયાર નગર પાણીના ટાંકાની સામે આસોપાલવ સોસાયટીની સામે રહેતા અજયભાઈ ખોડીદાસભાઈ ચૌહાણ નામનાવકીલનાકાકારવીભાઈઅગાઉ સાવરકુંડલાખાતેથયેલમારા–મારીના બનાવના અનુસંધાને અમરેલી સિવિલ હોસ્પિટલખાતેસારવારમાંહતા. ત્યારે ગઈકાલેરાત્રીનાસમયેવકીલતથાતેમના મિત્ર હિતેષકુમાર પ્રતાપરાય ગેલાતર તથારવીભાઈસહિતત્રણેયસાથેસિવિલ હોસ્પિટલનીકેન્ટીનતરફચાપીવામાટે થઈ ચાલીને જતાં હતા. ત્યારે આ રવિભાઈને અગાઉ સાવરકુંડલા ગામે થયેલ માથાકૂટના બનાવમાં સામાવાળાપૈકીનાકોઈઅજાણ્યાશખ્સે પાછળથી કાર નં. જી.જે.–૧૨ ડીએ–૨૫૬૫ ના ચાલકે આ વકીલ સહિતત્રણેયનેજાનથીમારીનાખવાના

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીનાં સેશન્સ એન્ડ ડીસ્ટ્રીકટ જજે સજા ફટકારી

# ચિતલ ખાતે ૭૦ કિલો ગૌમાંસ સાથે ઝડપાયેલ બંને આરોપીઓને ૧૦ વર્ષની સજા અને ૪.૬ લાખનો દંડ

### ચુકાદાથી સમગ્ર રાજયનાં જીવદયાપ્રેમીઓમાં ખૂશીઓનો માહોલ

અમરેલી, તા. ૧

ચિતલ મુકામે ખાટકી વાડામાં અમુક ઈસમો ગેરકાયદેસર પશુઓનીકતલકરીતેનું માંસનુવેચાણ કરે છે તેવી બાતમીના આધારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એ. વાઘેલાતથાપોલીસસ્ટાફ એ. એમ. પોપટાણી તથા નરેન્દ્રસીંહ તથા કિશનભાઈ તથા દિનેશભાઈ સોલંકી તથા બે પંચ? વિગેરેને સાથે રાખી રેઈડ કરતા ૭૦ કિલો ગૌમાંસ તથા કતલ કરવાના સાધનો સાથે આરોપીઓ મળી આવેલ હોય. આ અંગેનો કેશ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશીયલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલો તથા રજુ કરેલ પુરાવાઓને આધારે સેશન્સ જજ રીજવાનાબેનબુખારીદ્વારાગુજરાતપશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫(૧) (ક)માં ૧૦(દસ) વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/–નોદંડઅનેજોઆરોપી દંડનીરકમનાભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સજા તથા કલમ–૬ (ખ)માં ૧૦(દસ) વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/–નોદંડઅનેજોઆરોપી દંડનીરકમનાભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષનીસજાતથાભારતીયદંડસંહિતાની કલમ–૨૯૫માં ૨ વર્ષનીસજાઅને રૂા. ૨,૦૦૦નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૨ માસની સજા તથાકલમ–૪૨૯માં ૧ વર્ષનીસજાઅને રૂા. ૧,૦૦૦નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ માસની સજા કરેલ છે. તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવાની કલમ ૧૧ તથા જીપી એકટ ૧૧૯ના ગુનામાં ૨ માસની સજા કરેલ છે. આ ચુકાદો આવતા જ ગુજરાતના જીવદયા પ્રેમીઓમાં ખુશી વ્યાપી ગઈ છે.

### ખોટી ઓળખ અને નામ ધારણ કરીને

# છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપીની અટકાયત કરવામાં આવી

### અમરેલી ક્રાઈમ બ્રાન્ચે ૧૦૦ ટકા રકમની રીકવરી કરી

અમરેલી, તા. ૧

ખોટીઓળખઅનેખોટુંનામ ધારણકરીઅલગઅલગબહાના હેઠળ છેતરપીંડી અને વિાસઘાતથી રોકડ રકમ પડાવી લેનાર ઈસમને રોકડ રકમ સહિતરૂપિયા૨,૫૭,૦૦૦નામુદ્દામાલ સાથે પકડી પાડી, છેતરપીંડીના બે ગુનાઓનો ભેદ ઉકેલી ૧૦૦% રકમ રીકવર અમરેલી એલ.સી.બી. પોલીસે કરી હતી.



આબનવાનીવિગતએવીછે કે, ગત તા.૨૬/૪ નાં રોજ વડીયા તાલુકાનાસનાળાગામેરહેતાબાધાભાઈ જેરામભાઈસાકરીયાનામના૭૦વર્ષિય વૃધ્ધ તથા તેમના પત્ની જીવતીબેન પોતાનારહેણાંકમકાનેહતાં. તેદરમ્યાન બપોરનાઆશરેસાડાબારેકવાગ્યેએક અજાણ્યો ઈસમ આવેલ અને બન્ને પતિ–પત્નિ સાથે વાતચીત કરી પોતે વીજીવડ ગામના હરસુરભાઈનો દીકરો હોવાનું જણાવી પોતાના બાને અમરેલી દવાખાને દાખલ કરેલ હોવાનું અને પૈસાની જરૂર હોવાનું જણાવી, પૈસાની

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનાં પ્રસંગે

# લ્યો બોલો : સાવરકુંડલાનાં વોર્ડ. ૯ પીએમશ્રી શાળામાં આચાર્યની જગ્યા જ ખાલી

### એનએસયુઆઈ દ્વારા શિક્ષણાધિકારી સમક્ષ રજુઆત

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરમાં આવેલ વોર્ડ.નં. ૯ સાધના સોસાયટી, બ્રાંચશાળાનં ૯જે પી.એમ.શ્રી યોજના હેઠળ ચાલતી શાળા હોય તે શાળાની અંદર આચાર્યનાહોવાથીસરકાર ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટો જેમકે સ્કુલ ડેવલોપમેન્ટ, વિદ્યાર્થીને પ્રવાસ માટે સ્વચ્છતા માટે વિદ્યાર્થીનાં વિવિધ એકટીવીટી માટે વિવિધ પ્રકારની ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોય પરંતુ આ બ્રાંચ શાળા નં. ૯માં ઘણા સમયથી આચાર્યજનાહોયતેમજ સ્કુલનાંઅંદર કોઈ ઈન્ચાર્જ પણનાં હોય ત્યારે વિદ્યાર્થીનાં કોઈ સ્કુલ માટેના કામગીરી માટે તેમના વાલીઓએ ફરજીયાત પાણે પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી ખાતે જવાની ફરજ પડે છે. ત્યારે સ્કુલનાં વિકાસ તેમજ વિદ્યાર્થી માટેની કોઈ યોજનાની સહાય મેળવવા તેમજ અન્યએકટીવીટી માટેની ગ્રાન્ટોનો ઉપયોગ આચાર્યના હોવાના કારણે થઈ શકતો નથી.

જેથી વિદ્યાર્થીનાં ભવિષ્ય અને શાળાનાં વહીવટી માટે સત્વરે આચાર્યની નિમણુંક કરવામાં આવે. તેમ માંગ એનએસપીઆઈનાં પ્રમુખ સહિત શેખે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પાઠવેલ પત્રમાં કરેલ છે.

**હાર્દિક અભિનંદન**



શ્રી કૌશિક વેકરિયા
નાયબ મુખ્ય દંડક : ગુજરાત વિધાનસભા
ધારાસભ્ય : અમરેલી-વડિયા-કુંકાવાવ મત વિસ્તાર

અમરેલી બિલ્ડર એન્ડ કોન્ટ્રાકટર એસોસિએશનની રજુઆતનાં પગલે અમરેલી શહેરમાં એરસ્ટ્રીપઝોનમાં નિયત મર્યાદામાં આવતા બાંધકામને NOC લેવામાંથી મુકતિ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન....

: શુભેચ્છક :
શ્રી હિંમતભાઈ સોલીયા (પ્રમુખ)
શ્રી દિપકભાઈ મહેતા (ઉપપ્રમુખ)
શ્રી ચંદુભાઈ વોરા (મહામંત્રી)
શ્રી સિધ્ધાર્થભાઈ ઠાકર (મહામંત્રી)
શ્રી દિવ્યેશભાઈ તળાવીયા (મંત્રી)
શ્રી મહેશભાઈ જાપિયા (મંત્રી)
શ્રી રાજુભાઈ શીયાણી (ઉપપ્રમુખ)
શ્રી દયાળભાઈ સંઘાણી (ઉપપ્રમુખ)
શ્રી સંજયભાઈ વાગડીયા (મહામંત્રી)
શ્રી હિરેનભાઈ રાસડીયા (ખજાનચી)
શ્રી જયસુખભાઈ દેવાણી (ખજાનચી)
શ્રી ચંદુભાઈ ખણેશા (સહમંત્રી)
શ્રી જયંતિભાઈ મનાણી (સહમંત્રી)

: સદસ્યશ્રીઓ :
શ્રી જતીનભાઈ ચંદારાણા
શ્રી યુનીભાઈ ગજેરા
શ્રી વરૂણભાઈ ધાનાણી
શ્રી પારસભાઈ છાત્રોલા
શ્રી મનસુખભાઈ ચૌહાણ
શ્રી સંદિપભાઈ ઉભડા
શ્રી ચંદુભાઈ મેતલીયા
તેમજ તમામ કારોબારી સદસ્યશ્રીઓ

શ્રી અમરેલી બિલ્ડર એસોસિએશન - અમરેલી

**જમીન વેચવાની છે**
ફળદ્રુપ જમીન વેચવાની છે. પ્રાઈમ લોકેશન બાબરા-ચિતલ હાઈ-વે થી ૧ કિ.મી. અંદર, સારા રસ્તે ફાર્મ-૧, ૧૦ વિઘા અને ૦૮ ગુંઠા વેચવાનું છે. જેમાં ફુલપાણી વાળો બોર, સબમર્શીબલ પંપ ૧૫ એચ.પી.નું લાઈટ કનેકશન,૪૦ ની ગોળાઈનો આરસીસી ટાંકો, બે-રૂમ, રસોડુ, ઓસરીની પ્લીંથ, સંડાસ-બાથરૂમ એટેચ બીમકોલમ વાળા બેલાની પાકી પ્રોટેકશન વોલ (દીવાલ) ૨૦x૨૦ નું ગોડાઉન-વંડો વાળેલો ઉપરાંત આંબા સહિત બાગાયતી રોપાવાળું....
સંપર્ક મો.૯૯૦૯૬ ૨૦૨૮૫

**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.8000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

# બાબરા ખાતે રઘુવીર સેના દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા: રઘુવીર સેના દ્વારા લોહાણા સમાજના તેજસ્વી તારલાઓનાં સરસ્વતી સન્માન સમારોહનું જલારામ મંદિર ખાતે આયોજન કરવામાં આવેલ હતું. રઘુવીર સેના બાબરા દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. ભરતભાઈ કાનાબાર, મનોજભાઈ રૂપારેલ, ભાવેશભાઈ સોઢા, વિશાલભાઈ સોઢા, સુમિતભાઈ ઠક્કર, જતીનભાઈ ઠક્કર એડવોકેટ તેમજ લોહાણા મહાજન અને જય જલારામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાબરા લોહાણા સમાજના ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને દાતાઓ દ્વારા સન્માનિત કરવામાં આવેલા હતા અને આ પ્રસંગે દાતાઓમાં રઘુવીર સેના બાબરા, શ્રી લોહાણા મહાજન બાબરા, ગૌ.વા. લતાબેન નંદલાલભાઈ પોપટ પરિવાર, ગૌ.વા. હેમુકુંવરબેન રમણીકલાલ ભૂપતાણી પરિવાર (હ. સંજયભાઈ વસંતરાય ભુપતાણી), શ્રીમતી ઉર્મિલાબેન નંદલાલભાઈ કોટક પરિવાર (હ. ગૌરાંગભાઈ નંદલાલભાઈ કોટક), ગૌ.વા. રમાબેન રમણીકલાલ વણઝારા પરિવાર (હ. કાળુભાઈ વણઝારા), પરેશ ટી કંપની પ્રાઈવેટ લિમિટેડ પરિવાર, પ્રવિણાબેન વસંતરાય સોનપાલ પરિવાર (પિયુષભાઈ સોનપાલ), ભરત નમકીન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર રાજકોટ (હ. હિતેશભાઈ ખખ્ખર), ગૌ.વા. લલીતભાઈ ધીરજલાલ સેદાણી પરિવાર, ગૌ.વા. પ્રભાબેન કાંતિલાલ કાનાણી પરિવાર (હ. કૃષ્ણભાઈ કાંતિલાલ કાનાણી), તપસભાઈ રજનીકાંતભાઈ તેજુરા પરિવાર, સાગરભાઈ બકુલભાઈ વણઝારા પરિવાર, તુલસીદાસ આર. ગોકાણી પરિવાર રાજકોટ જે તમામ દાતાઓ તરફથી ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. આ તકે મહેમાનો, દાતાઓ અને બાબરા લોહાણા સમાજનું સમૂહ જ્ઞાતિ પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ હતું અને તેમના પ્રસાદના દાતા કલિકાબેન વિનોદરાય પોપટ રાજકોટ (હ. જતીનભાઈ વિનોદભાઈ ઠક્કર એડવોકેટ રાજકોટ) તરફથી પ્રસાદનું આયોજન રાખવામાં આવેલ હતું. રઘુવીર સેના બાબરા દ્વારા તમામ મહેમાનોને પુષ્પગુચ્છ, ખેસ અને જલારામ બાપાની પ્રતિમા આપી આવકારવામાં આવેલા હતા અને સન્માન સમારોહના ૧૪ દાતાઓને પણ પુષ્પગુચ્છ અને સન્માન પુષ્પ આપી સન્માનિત કરાયા હતા. અને આ તકે બાબરા લોહાણા સમાજના રસિકભાઈ (બીટ્ટુ ભાઈ) દલપતભાઈ ભુપતાણીનું પણ રઘુવીર સેનાની સમગ્ર ટીમે સન્માન કરેલ હતું. રઘુવીર સેના બાબરા દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું સફળ આયોજન બદલ અને એક વિદ્યાર્થીને ૨૨ એમ ટોટલ ૧૦૫૬ જેટલા ઈનામોથી પ્રોત્સાહન કરવા બદલ તમામ મહેમાનો અને દાતાઓએ રઘુવીર સેનાની કામગીરીને બિરદાવેલી હતી અને લોહાણા મહાજન બાબરા દ્વારા રઘુવીર સેનાની ટીમનું પણ સન્માન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રઘુવીર સેનાની ટીમ સતત એક મહિનાથી આ કાર્યક્રમ લગત કામગીરી કરતી હતી અને કાર્યક્રમને આખરી ઓપ આપ્યો હતો અને જિલ્લામાં નોંધ લેવાય એવો વિદ્યાર્થીઓને સન્માનિત કરવા સફળ સરસ્વતી સન્માન સમારોહનું આયોજન રઘુવીર સેના બાબરા દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રઘુવીર સેના બાબરાની ટીમ દ્વારા કરવામાં આવેલ અને સરસ્વતી સન્માન સમારોહનું એન્કરિંગ ઈન્દ્રેશભાઈ ગોકાણી રાજકોટ દ્વારા કરવામાં આવેલ.

### ગાયત્રી મોક્ષધામ નજીક મૃતક પશુઓની હેરફેર થતી હોવાથી

# અમરેલીનાં ગજેરાપરા સહિતનાં વિસ્તારોમાં મૃતક પશુઓની દુર્ગંધ આવતી હોય રોષનો માહોલ

## પૂર્વ ધારાસભ્યનાં લઘુબંધુ શરદ ધાનાણીએ આંદોલનની ચીમકી આપી

અમરેલી, તા. ૧

અમરેલીનાં ગજેરાપરા સહિતનાં વિસ્તારોનાં રહેવાસીઓ દિવસ–રાત મૃતક પશુઓની દુર્ગંધથી તોબા પોકારી ચૂકયા છે. સ્થાનિકોએ દુર્ગંધનાં લીધે માથાના દુ:ખાવા સહિતની સમસ્યા ધરાવતી હોય પૂર્વ ધારાસભ્યનાં લઘુબંધુ શરદ ધાનાણીએ પાલિકાના શાસકો સમસ્યાનું સમાધાન કરે તો આગામી દિવસોમાં સ્થાનિકોની સંગાથે આંદોલન કરવાની ચીમકી આપી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ગાયત્રી મોક્ષ ધામ નજીક મૃતક પશુઓ એકત્ર કરાતા હોવાથી તેની દુર્ગંધ પવનનાં કારણે છે ક ગજેરા પરા સુધી ફેલાતી હોવાથી ભારે પરેશાની ભોગવવી પડે છે. પાલિકાનાં શાસકોને કરાયેલી રજુઆત બાદ કોઈ કાર્યવાહી થતી ન હોય આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૧૩૦/૨૦૨૫ તા.૧૧/૦૬/૨૦૨૫

વિવાદી: **શ્રી પૂજાભાઈ રામસુરભાઈ નારણકા**
રહે. નિલવળા, તા. બાબરા, જિ.અમરેલી.
(મો.નં. )

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદી: જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી, નિલવળા ગ્રામ પંચાયત કચેરી, નિલવળા, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે. નિલવળા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી(૧) **નિમળાબેન પૂજાભાઈ નારણકાનો જન્મ તા.૧૩/૦૫/૧૯૯૫ના રોજ મોજે. નિલવળા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, તથા (૨) **ઉમાબેન પૂજાભાઈ નારણકાનો જન્મ તા.૧૬/૧૦/૧૯૯૯ના રોજ મોજે. નિલવળા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૪/૦૬/૨૦૨૫** થી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા**


ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


# જાફરાબાદ ખાતે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરીના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ નગરપાલિકા પ્રમુખ રવીનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને કાયદાકીય માર્ગદર્શન સેમિનારનુ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

જાફરાબાદ સરકારી વિનિયન અને વાણિજય કોલેજની વિદ્યાર્થીનીઓ સહિતની મહિલાઓને મહિલાલક્ષી વિવિધ યોજનાઓ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ ઉપરાંત મહિલાઓને વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, PoSH ACT ૨૦૧૩ સહિતના કાયદાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને હેન્ડ બેગ તથા કાયદાકીય માર્ગદર્શન પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ અધિકારી કણઝારિયા, એડવોકેટ, અરવિંદભાઈ ખુમાણ સહિત અન્ય સ્ટાફ અને બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ અમરેલી જિલ્લા મહિલા બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૧૩૧/૨૦૨૫ તા.૨૫/૦૬/૨૦૨૫

વિવાદી: **શ્રી જયાબેન ડો./ઓફ અરજણભાઈ રણછોડભાઈ કાનાણી વા.ઓફ જાગાભાઈ કાનજીભાઈ વામજા,** મુ. મોટા દેવળીયા, તા. બાબરા, જિ.અમરેલી.
(મો.નં. ) ૯૬૨૪૩ ૩૦૫૩૦

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદી: જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી, મોટા દેવળીયા ગ્રામ પંચાયત કચેરી, મોટા દેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે. વલારડી** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **જયાબેન અરજણભાઈ કાનાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ના રોજ મોજે. મોટા દેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી** તથા અરજદારશ્રીના પુત્ર શ્રી **પરેશભાઈ જાગાભાઈ વામજાનો જન્મ તા.૨૮/૧૧/૧૯૮૬ના રોજ મોજે. મોટા દેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૪/૦૬/૨૦૨૫** થી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા**

## સાહિત્યકાર ડો. પ્રતાપભાઈ પંડયાની સ્મૃતિમાં તેમની પુત્રી મનિષાબેન પંડયાની પ્રેરણાથી

# અમરેલી ખાતે ડો. વસંતભાઈ પરિખને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ એનાયત

**સદાબહાર કવિ હર્ષદ ચંદારાણાનું મરણોત્તર સન્માન કરી સ્મૃતિ વંદના કરવામાં આવી**

**જિલ્લાભરનાં નામાંકિત સાહિત્યકારોની ઉપસ્થિતિમાં ગૌરવંતો કાર્યક્રમ યોજાયો**

**શહેરનાં જાણીતા ડો. ભરત કાનાબારનાં અધ્યક્ષ સ્થાને સાહિત્ય સર્જક પરિવાર દ્વારા થયું આયોજન**

**વિશિષ્ટ પ્રતિભાઓનાં સન્માન સાથે ભાવવાહી સમારોહ સંપન્ન**



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા ગત તા. ૨૯ રવિવારના રોજ વિશિષ્ટ પ્રતિભાઓના સન્માન સમારોહ ભાવવાહી સંપન્ન થયો હતો. ડો. પ્રતાપભાઈ પંડયાની સ્મૃતિમાં તેમના પુત્રી અને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર ટ્રસ્ટના પ્રમુખ મનીષાબેન પંડયાની પ્રેરણાથી આયોજિત આ સન્માન ઉપક્રમમાં અમરેલીના જાણીતા સામાજિક, સેવાકીય અગ્રણી ડો. ભરતભાઈ કાનાબારના અધ્યક્ષ સ્થાને 'સર્જકના પુલકિત પોંખણા' શીર્ષક તળે આયોજિત આ ઉપક્રમમાં અમરેલીનું રાષ્ટ્રીય ગૌરવ એવા સંસ્કૃત ભાષાના વિદ્વાન, સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે અનેક મહત્વપૂર્ણ પદો પર સફળ જવાબદારી નિભાવનાર આદરણીય વરિષ્ઠ સાહિત્યકાર ડો. વસંતભાઈ પરીખને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

બીજું કેન્દ્રસ્થ સન્માન ગુજરાતી ભાષામાં પ્રથમ હરોળના કવિ' લીલીછમ વેલી અમરેલી' સૂત્ર આપનાર એવા મૂર્ધન્ય કવિ હર્ષદ ચંદારાણાનું મરણોત્તર સન્માન કરી અમરેલી જિલ્લામાં સાહિત્ય પ્રવૃત્તિઓમાં એમના પ્રદાન બદલ ઋણ સ્વીકાર ભાવ વ્યકત કરવામાં આવ્યો હતો. ચંદારાણા પરિવાર વતી પરેશ મહેતાએ સન્માન સ્વીકાર કરેલ હતો.

આ ઉપરાંત સંગીત ક્ષેત્રે વિવિધ ઉપલબ્ધિથી અમરેલી જિલ્લાને ગૌરવ અપાવનાર બાંસુરી વાદક સંજીવ ધારૈયા તથા સાહિત્ય શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ સન્માન મેળવવા બદલ ડો. કેતન કાનપરિયાને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ ગધસેતુ ગ્રુપ આયોજિત પુસ્તક પરિચય સ્પર્ધાના વિજેતાઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતાં.

વરિષ્ઠ સાહિત્યકાર વસંતભાઈ પરીખએ પ્રતિભાવમાં આનંદની લાગણી વ્યકત કરી હતી. ડો. પ્રતાપભાઈ પંડયા સાથેના સ્મરણો અને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર પ્રમુખ મનીષાબેન પંડયાને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી ડો. ભરતભાઈ કાનાબારે સાહિત્ય , સંગીત , કલામાં વિવિધ પ્રતિભાઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવાના સર્જક પરિવારના આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું અને ડો. પ્રતાપભાઈ પંડયાની શિક્ષણ, સાહિત્ય સમાજસેવા, પુસ્તક પરબના પ્રદાન માટે યાદ કર્યા હતા.

સ્વાગત પ્રવચન અને પૂર્વભૂમિકા મેને. ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ રજૂ કરી હતી. સન્માનિત પ્રતિભા પરિચય સર્વ ટ્રસ્ટી પરેશભાઈ મહેતા, ઉદયભાઈ દેસાઈ, કેતનભાઈ જોષી અને લોકગાયક વિમલભાઈ મહેતાએ આપ્યા હતા. પુસ્તક પરિચય સ્પર્ધાની વાત ડો. કાલિન્દી પરીખે કરી હતી. સન્માનિત પ્રતિભાઓ દ્વારા પ્રતિભાવ રૂપે આભારની લાગણી વ્યકત કરવામાં આવી.

સર્જક પરિવારના પ્રમુખ મનીષાબેન પંડયાએ વિદેશથી વડીલો પ્રત્યે આદરસહ, સહુ પ્રત્યે પ્રસન્નતા વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા. વિશેષ ઉપસ્થિતમાં વિવિધ સાહિત્ય સંસ્થા વતી સર્વ મહેન્દ્રભાઈ જોષી, હરજીવન દાફડા, ચંદ્રહાસભાઈ બસિયા , વાસુદેવ સોઢા સહિત અમરેલી જિલ્લામાંથી જાણીતા સર્જકો ભાવકો સહિત બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉદયભાઈ દેસાઈએ કર્યું હતું.

## સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને આધારે

# અમરેલીનાં મોટા માચીયાળાની ગ્રામ પંચાયતની ચુંટણીનાં એટ્રોસીટીનાં કેસમાં સરપંચ સહિતનાં આરોપીઓ નિર્દોષ

## એ.ડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવ સાહેબે કર્યો હુકમ





અમરેલી, તા. ૧

અમરેલીનાં મોટા માચીયાળ ા ગામે ગ્રામ પંચાયતની ચુંટણી બાબતે માથાકુટમાં એટ્રોસીટીનીં ફરિયાદ તે સમયે સરપંચ સહિત વિરૂધ્ધ નોંધાયેલ હતી.

આ બનાવની વિગતો જોવામાં આવે તો આ કામનો બનાવ તા.૨૨–૧૨–૨૦૧૬ ના રોજ રાત્રીના ૧૦ વાગ્યે આ કામના ફરીયાદી કે જેઓ મોટા માચીયાળા ગામે રહે છે તે તથા તેમની સાથે તેમના સબંધી અને જ્ઞાતિના લોકો એવા ભાવેશભાઈ, સુધિરભાઈ, સાગરભાઈ, નરેશભાઈ, ભદ્રેશભાઈ એમ બધા આ કામના ફરીયાદીએ મોટા માચીયાળા ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચ તરીકે ઉમેદવાર તરીકે ફોર્મ ભરેલ હોય અને તેથી પ્રચાર અર્થે મોટા માચીયાળા ગામના પ્લોટ વિસ્તારમાં ગયેલા ત્યારે તેમની સામેના સરપંચપદના ઉમેદવાર દેવેનભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ઘનશ્યામભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ભુપતભાઈ ઘોહાભાઈ ધાધલ, લાલો ઉર્ફે સિધ્ધરાજભાઈ કનુભાઈ, છત્રજીતભાઈ ઉર્ફે બાવલીભાઈ બાપલુભાઈ એમ પાંચેય જણાએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી આ કામના ફરીયાદીને જ્ઞાતિ વિશે અપમાનજનક ભાષામાં બિભત્સ ગાળો બોલી અને એવુ કહેલ કે અમારી સામે છેલ્લા ૬૫ વર્ષથી સરપંચ તરીકે કોઈ ફોર્મ ભરતુ નથી, તે કેમ સરપંચનું ફોર્મ ભરેલ છે તેમ કહી માર મારેલ. જેમાં દેવેનભાઈ ચાંપરાજભાઈએ ફરીયાદીને લોખંડના પાઈપથી મારેલ તથા ભુપતભાઈ ઘોહાભાઈએ ફરીયાદીને લાકડી વડે મારેલ તથા બાકીના આરોપીએ પણ ફરીયાદીને આડેધડ મુંઢમાર મારેલ અને ફરીયાદીની એસ્ટીમ ફોરવ્હીલ ગાડીને પાછળના ભાગે પાઈપથી તથા લાકડી વડે કાચ તોડી નાખી કારને મોટુ આર્થિક નુકશાન પહોંચાડેલ. તેમજ ફરીયાદીને થયેલ ઈજામાં તેઓ લોહી લુહાણ થયેલ હોય સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં દાખલ થયેલ.

તેમજ બનાવ સમયે ફરીયાદીની સાથે રહેલા ભાવેશભાઈ જયંતિભાઈ ચાવડા તથા સાગરભાઈ મનુભાઈ સોંદરવાને પણ બનાવમાં ઈજા થતા લોહી લુહાણ થતા સારવારમાં સીવીલ હોસ્પીટલમાં દાખલ થયેલ હતા અને આ કામે ઈજા પામનાર ફરીયાદી તથા બંને સાહેદને ડોકટરે સારવાર આપેલી હતી. જે બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ નોંધાવેલી હતી. ત્યારબાદ પોલીસે આ બાબતે પાંચેય આરોપીઓ સામે ગુન્હો નોંધીને તપાસ કરેલી હતી અને તપાસના અંતે દેવેનભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ઘનશ્યામભાઈ ચાંપરાજભાઈ ધાધલ, ભુપતભાઈ ઘોહાભાઈ ધાધલ, સિધ્ધરાજભાઈ કનુભાઈ, છત્રજીતભાઈ ઉર્ફે બાવલીભાઈ બાપલુભાઈ સામે એટ્રોસીટી એકટની કલમ – ૩(૧) તથા ૩(૨) તથા આઈ.પી.સી.ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૫૦૬(૨), ૪૨૭ મુજબનું ચાર્જશીટ કરેલું હતું.

આ કામે જે તે સમયે મોટા માચીયાળા ગ્રામ પંચાયતની સરપંચ પદની ચુંટણી હોય અને તે ચુંટણીમાં સરપંચ પદના સામેના ઉમેદવાર દેવેનભાઈ ધાધલ પોતે પ્રચાર ન કરી શકે અને સરપંચ તરીકે જીતી ન શકે તે માટે રાજકીય રીતે તેમને હરાવવા માટેની મોટી રમત રમવામાં આવેલી હોય અને આ સમયે આ ફરીયાદના કારણે પોલીસે તેમની ધરપકડ કરેલી હોય અને તેઓ પોતાનો પ્રચાર કરી શકેલ ન હોય તેમ છતા સરપંચ તરીકે તેમનો વિજય થયેલ હોય જેથી આ ચુંટણી તથા આ કેસ જે તે સમયે અમરેલી જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલ હતો. આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, જેમાં પોલીસ અધિકારી તથા સારવાર આપનાર ડોકટર તથા તપાસ કરનાર અધિકારીને આ કામે બચાવપક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ સંજોગો નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ આરોપી પક્ષ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તરફથી રજુ કરવામાં આવેલા તેની હકીકત કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓ ને એડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપીઓ તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી, જે.પી. ત્રિવેદી રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે.

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫







જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪




જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪




ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

### બેંગલુરુ દુર્ઘટના પર ટ્રિબ્યુનલનો રિપોર્ટ

# RCBના કારણે થઈ નાસભાગ, પોલીસ કોઈ જાદુગર કે ભગવાન નથી

## આરસીબીએ પોલીસ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લીધી ન હતી અચાનક તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી હતી

બેંગલુરુ ,તા.૧

આઈપીએલ ૨૦૨૫ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીતની ઉજવણી દરમિયાન બેંગલુરુમાં થયેલી નાસભાગમાં ૧૧ લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં. આ મામલે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી નાસભાગ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું છે. આરસીબીએ પોલીસ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લીધી ન હતી. અચાનક તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી હતી.

સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના રિપોર્ટ અનુસાર, આરસીબીએ પોલીસની મંજૂરી વિના સોશિયલ મીડિયા પર વિક્ટ્રી પરેડ માટે આમંત્રણ પોસ્ટ કર્યું હતું, જેના કારણે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી અને પોલીસ પાસે સુરક્ષા વ્યવસ્થા કરવા માટે પૂરતો સમય નહોતો.

પોલીસ માત્ર ૧૨ કલાકમાં સંપૂર્ણ વ્યવસ્થા કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. પોલીસકર્મીઓ પણ માણસ છે, તે દેવતા કે જાદુગર નથી કે, એક જ વારમાં બધી વ્યવસ્થા કરી શકે.'

આ કેસમાં સસ્પેન્ડ કરાયેલા IPS અધિકારી વિકાસ કુમારને મોટી રાહત મળી છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે તેમનું સસ્પેન્શન રદ કર્યું છે. આ ઉપરાંત ટ્રિબ્યુનલે કર્ણાટક સરકારને બે અન્ય વરિષ્ઠ અધિકારીઓ તત્કાલીન બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદ અને ડીસીપી શેખર એચ ટેક્કનવરના સસ્પેન્શન પર પુનર્વિચાર કરવાનું સૂચન પણ કર્યું. નોંધનીય છે કે, IPS વિકાસ કુમાર બેંગલુરુના પશ્ચિમ ઝોનના એડિશનલ કમિશનર અને ચિન્નાસ્વામી સ્ટેડિયમના ઈન્ચાર્જ હતા.સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના અનુસાર, 'પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય પૂરતા પુરાવા પર આધારિત નથી. નિર્ણય સમયે આ અધિકારીઓની બેદરકારીને કારણે અકસ્માત થયો હોવાનું સાબિત કરવા માટે કોઈ નક્કર કે નક્કર આધાર નહોતો.' જો કે, સરકાર ઈચ્છે તો આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકે છે.

ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચોથી જૂનના રોજ થયેલી નાસભાગ બાદ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વિપક્ષના નિશાના પર છે. ભાજપ અને જેડીએસે સરકાર પર સીધો હુમલો કર્યો હતો અને મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી હતી.

### ભારતની કઈ માગ પર US સહમત નથી

# વેપાર કરાર અંગે ભારત-અમેરિકા વચ્ચે કોકડું ગૂંચવાયું

## દેશોની અસંમતીને ધ્યાને રાખી સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ પોતાનો અમેરિકી પ્રવાસ લંબાવી દીધો છે

નવીદિલ્હી,તા.૧

અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં કંઈક અડચણો ઉભી થઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આમ તો અમેરિકા ટેરિફ મામલાની ડેડલાઈન વધારવા માંગતા ન હતા અને તેમણે ભારત પ્રત્યે પણ કુણુ વલણ અપનાવ્યું હતું. જોકે સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી. અમેરિકાએ ૧૦ ટકા ટેરિફ યથાવત્ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જ્યારે ભારત કેટલાક સેક્ટર્સમાંથી ૧૦ ટકા ટેરિફ શૂન્ય કરવા પ્રયાસ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં બંને દેશોની અસંમતીને ધ્યાને રાખી સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ પોતાનો અમેરિકી પ્રવાસ લંબાવી દીધો છે.

અગાઉ (૩૦ જૂન) સૂત્રોએ એવું કહ્યું હતું કે, 'ભારત-અમેરિકા વચ્ચે વચગાળાનું ટ્રેડ ડીલ થઈ ગયું છે અને તેની જાહેરાત આઠમી જુલાઈના રોજ થઈ શકે છે. ભારત તરફથી વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ આ સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર હતા, તેની આગેવાનીમાં વોશિંગ્ટનમાં આના પર સમજૂતી થઈ છે.' ત્યારબાદ વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સારા સંબંધોને ટાંકીને કહ્યું હતું કે, 'બંને દેશો વચ્ચે સારા સંબંધો યથાવત્ રહેશે. બંને દેશો ટ્રેડ ડીલની નજીક પહોંચી ગયા છે અને ટ્રમ્પ ટૂંક સમયમાં તે અંગે વિગતો આપશે.' જોકે હવે (૧ જુલાઈ) સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી.'

બંને દેશ વચ્ચેના ટ્રેડ ડીલમાં કૃષિ, ડેરી સેક્ટર અને ભારતીય ખેડૂતોને આપવામાં આવતી સબસિડી મુખ્ય અવરોધ હતા. બીજી બાજુએ અમેરિકા ઈચ્છતું હતું કે ભારતના કૃષિ અને ડેરી સેક્ટરને તેની પેદાશો માટે ખોલવામાં આવે અથવા કોઈપણ રીતે ખોલવાનો માર્ગ તૈયાર કરવામાં આવે. આ ઉપરાંત જેનેટિકલી મોડિફાઈડ બીયારણોના મુદ્દે છૂટ આપવામાં આવે. અમેરિકાએ સોય, ઘઉં, મકાઈ, ઈથેનોલ અને સફરજન પર ટેરિફ ઘટાડવા વિનંતી કરી હતી. આ ઉપરાંત ઈવી, વાઈન, પેટ્રોકેમિકલ્સના મોરચે પણ ટેરિફમાં રાહત ઈચ્છે છે.

આ સમજૂતીના થોડા દિવસ પહેલાં જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સમજૂતી થવાની તૈયારીમાં જ છે, અમે જબરદસ્ત ડીલ કરી રહ્યા છે. ચીન સાથે અમારે ડીલ થઈ ગઈ છે. તેની સાથે ટ્રમ્પે તેમ પણ જણાવ્યું હતું કે ભારત સાથે સમજૂતી ન થઈ તો ૨૬ ટકા ટેરિફ તો ઊભો જ છે. આમ ટ્રમ્પે આડકતરી રીતે ટેક્સની ધમકી આપી હતી.

ઉલ્લેખનીય છે કે અમેરિકન પ્રમુખ ડાનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલના રોજ વિશ્વના મોટાભાગના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવ્યો હતો. કમ્બોડિયા જેવા દેશને પણ ટ્રમ્પે છોડયો ન હતો.

જોકે આ ટેરિફ પર મોટાપાયા પર શોરબકોર મચતાં ટ્રમ્પે ભારત સહિત વિશ્વના ઘણા દેશો પર ૨૬ ટકાનો રેસિપ્રોકલ ટેરિફ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કર્યો હતો. તેની સાથે ધમકી આપી હતી કે જો ૯૦ દિવસમાં ટ્રેડ ડીલ નહીં થાય તો ૨૫ ટકા ટેરિફ લાગશે.

આ પહેલા એપ્રિલમાં અમેરિકન વાઈસ પ્રેસિડેનટ્ જેડી વાન્સ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે ટ્રેડ ડીલની વાટાઘાટો માટેની ટર્મ્સ ઓફ રેફરન્સને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે જણાવ્યું હતું કે તમે બંને દેશ વચ્ચે નજીકના ભવિષ્યમાં ડીલ થતું જોઈ શકો છો. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક વેપારમાં ઉથલપાથલ મચાવતા તેમના એજન્ડાની જાહેરાત કરી ત્યારે ભારત વાટાઘાટો માટે અમેરિકાનો સંપર્ક કરનારા સૌપ્રથમ દેશોમાં એક હતું.

### પહેલી નોકરી મેળવનારના ખાતામાં જમા થશે પૈસા

# કેન્દ્ર સરકારે ત્રણ મોટી યોજનાઓને આપી મંજૂરી

## પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે

નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે (પહેલી જુલાઈ) યુવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી અનેક મોટી યોજનાઓને મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રીમંડળે રોજગાર પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લાભ બે તબક્કામાં મળશે. પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આ હપ્તો નોકરી મળ્યાના છઠ્ઠા અને ૧૨મા મહિનામાં આપવામાં આવશે. વળી, બીજા તબક્કામાં દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આખી યોજના ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'સરકાર આ યોજનામાં કુલ ૧.૦૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે.'રોજગાર પ્રોત્સાહન યોજનાનો હેતુ રોજગાર સર્જન, રોજગારની સંભાવનામાં વધારો અને તમામ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. જેમાં, ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનાથી બે વર્ષમાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને પ્રોત્સાહન આપવામાં આવશે છે. આ ઉપરાંત પહેલીવાર નોકરી મેળવનારા કર્મચારીઓને પણ પ્રોત્સાહન આપશે.'પહેલીવાર નોકરી કરનારા વધારાના કર્મચારીઓને બે વર્ષ સુધી ૩૦૦૦ રૂપિયા દર મહિને પ્રોત્સાહન આપવામાં આવશે. નોકરીદાતાઓને એક લાખ રૂપિયા સુધીના વેતનવાળા કર્મચારીઓના સંબંધમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ઉત્પાદન ક્ષેત્ર માટે નોકરીદાતાઓને આપવામાં આવતા પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ માટે પણ લંબાવી શકાય છે.કેન્દ્રીય મંત્રીમંડળે કુલ ચાર મુખ્ય યોજનાઓને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે સમગ્ર 'ખેલો ઈન્ડિયા નીતિ'ને મંજૂરી આપી છે. ૧૯૪૮માં પહેલીવાર રાષ્ટ્રીય રમત નીતિ લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૧માં નવી સ્પોર્ટ્સ પોલિસી જાહેર કરવામાં આવી છે. હવે કેન્દ્ર સરકાર ખેલો ભારત નીતિ ૨૦૨૫ લાગુ કરશે. જે હેઠળ યુવાનોને રમત માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'અમારો હેતુ રમતના મામલે દુનિયાના ટૉપ ૫ દેશમાં ભારતને સામેલ કરવાનો છે.'કેન્દ્રીય મંત્રીમંડળે સંશોધન, વિકાસ અને નવીનતા યોજનાને મંજૂરી આપી છે. સરકાર આ યોજનામાં ૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. જે હેઠળ યુવાનોને સંશોધન અને નવીનતા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ઉપરાંત, મંત્રીમંડળે તમિલનાડુમાં ૧,૮૫૩ કરોડ રૂપિયાના ખર્ચે ૪-લેન પરમાકુડી-રામનાથપુરમ સેક્શન (૪૬.૭ કિમી) ના નિર્માણને મંજૂરી આપી છે.

### ઈરાનને અમેરિકાની ધમકી

# ઈરાનને અમેરિકાની ધમકી; ૧૦૦GBનો ઈ-મેઈલ બોમ્બ ફોડી દઈશું

## અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન એક સાયબર અટેક જૂથે દાવો કર્યો હતો કે, તેની પાસે આશરે ૧૦૦ GB ઈમેઈલ ડેટા છે

ઈરાન,તા.૧

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ માહોલ વચ્ચે ઈરાન સાથે જોડાયેલા એક હેકિંગ જૂથે અમેરિકાને ધમકી આપી છે કે, તે ઈમેઈલનો ૧૦૦ GB ડેટા લીક કરી દેશે.આ ડેટા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અંગત લોકોનો છે.

ગતવર્ષે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન એક સાયબર અટેક જૂથે દાવો કર્યો હતો કે, તેની પાસે આશરે ૧૦૦ GB ઈમેઈલ ડેટા છે. જેને તે લીક કરી શકે છે. હેકર્સે 'રોબર્ટ' નામનો ઉપયોગ કરી ટ્રમ્પના સલાહકાર રોજર સ્ટોન અને વ્હાઈટ હાઉસના ચીફ ઑફ સ્ટાફ સૂસી વિલ્સ, સ્ટોર્મી ડેનિયલ્સ સહિત અન્ય સહયોગી વચ્ચે થયેલા સંવાદ સામેલ છે. જેને ઈરાનના હેકર્સે ચોરી લીધા છે. ટ્રમ્પના વકીલ લિંડસે હોલિગન અને સ્ટોર્મી ડેનિયલ્સના ઈમેઈલ એકાઉન્ટ્સના પણ ડેટા સામેલ છે.

સ્ટોર્મી ડેનિયલ્સ એડલ્ટ ફિલ્મોની અભિનેત્રી છે.જેના કથિત રૂપે ટ્રમ્પ સાથે સંબંધો હોવાના અહેવાલો મળ્યા હતાં. તેને મોઢું બંધ રાખવા માટે ટ્રમ્પે ૧,૩૦,૦૦૦ ડોલરની ચૂકવણી પણ કરી હતી.

હેકર્સે ઈમેઈલ કન્ટેન્ટ સંબંધિત માહિતી આપવાનો ઈનકાર કરી દીધો છે.યુએસ એટર્ની જનરલ પામ બોંડીએ આ હેકિંગને ભયાનક સાયબર અટેક ગણાવ્યો હતો. FBIના ડિરેક્ટર કાશ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના ભંગમાં સંડોવાયેલા લોકો વિરૂદ્ધ સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. અમેરિકની સાયબરસિક્યોરિટી એજન્સીએ X પર લખ્યું હતું કે, આ કહેવાતો સાયબર અટેક નથી પણ ડિજિટલ પ્રોપેગેન્ડા છે.પ્રમુખ ટ્રમ્પને નુકસાન પહોંચાડવા અને માનનીય જાહેર સેવકોને બદનામ કરવાનું કાવતરૂ છે.ઈરાનના હેકર્સે અમેરિકાને ધમકી આપી હતી કે, ૨૦૨૪માં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન હેક કરવામાં આવેલો ૧૦૦GB ડેટા લીક કરવાની અમારી કોઈ યોજના ન હતી. પરંતુ છેલ્લા ૧૨ દિવસમાં ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલેલા યુદ્ધ અને અમેરિકાના પરમાણુ મથકો પર કરવામાં આવેલા હુમલા બાદ અમે તેને લીક કરવા મજબૂર બન્યા છે. આ લીક કાંડમાં ઈરાનના રિવોલ્યૂશનરી ગાર્ડ્સ કોર્પ્સના ત્રણ સભ્યોની સંડોવણી હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, ઈરાને આરોપો ફગાવ્યા હતા.

### પોતાના દેશના લોકો વિરુદ્ધ કરી ગંભીર ટિપ્પણી

# થાઈલેન્ડના વડાંપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રા પદ પરથી સસ્પેન્ડ કરાયા

## વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલે કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાંપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે

થાઈલેન્ડ,તા.૧

થાઈલેન્ડની બંધારણી કોર્ટે એક શબ્દના કારણે વડાંપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રાની હકાલપટ્ટી કરી દીધી છે. તેમના પર પોતાના દેશના લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરવાનો આરોપ લાગ્યો છે. કોર્ટે કહ્યું છે કે, જ્યાં સુધી કેસની તપાસ પુરી ન થાય, ત્યાં સુધી ૩૮ વર્ષીય શિનવાત્રા વડાપ્રધાન પદ નહીં સંભાળે.કોર્ટે કહ્યું છે કે, વડાંપ્રધાન શિનવાત્રાએ પોતાના દેશનો લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરી હોવાથી તેમને એક જુલાઈથી સસ્પેન્ડ કરવામાં આવે છે. શિનવાત્રાએ દુશ્મન દેશ કંબોડિયાના વડા સાથે ફોન પર વાતચીત કરતી વખતે થાઈલેન્ડના આર્મી વડા વિરુદ્ધ અયોગ્ય ટિપ્પણી કરી હતી. થાઈલેન્ડની કોર્ટે વડાંપ્રધાનના આચરણને અયોગ્ય ઠેરવ્યો છે. કોર્ટે કહ્યું કે, શિનવાત્રાએ જે રીતે પોતાના દેશના લોકો વિરુદ્ધ ટિપ્પણી કરી છે, તે આચરણ વિરુદ્ધની છે. કોર્ટે તપાસ એજન્સીને કહ્યું છે કે, તેઓ સંપૂર્ણ તપાસ કરીને ૧૫ દિવસમાં રિપોર્ટ જમા કરાવે, ત્યારબાદ આગળની કાર્યવાહી કરાશે.વાસ્તવમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સરહદ વિવાદ ચાલી રહ્યો છે. મે મહિનામાં સરહદ વિવાદ થયો હતો, જેમાં એક કંબોડિયન સૈનિક સહિત કેટલાક લોકોના મોત થયા હતા. શિનવાત્રાએ બંને દેશોના તણાવ મુદ્દે કંબોડિયાના સીનેટના પ્રમુખ હુન સેન સાથે ફોન પર વાત કરી હતી. શિનવાત્રાએ તેમને અંકલ કરીને સંબોધ્યા હતા અને થાઈલેન્ડના સેનાઅધ્યક્ષને પોતાના દુશ્મન કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, હાલ કંબોડિયાની સરહદ પર જનરલ તહેનાત છે, તે મારા દુશ્મન છે તેથી જ કંબોડિયા સાથે વિવાદ ચાલી રહ્યો છે.વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલે કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાંપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, હું કોર્ટના નિર્ણયનું પાલન કરીશ. હું તપાસ કે ન્યાયિક કાર્ડમાં અચડણો ઊભી કરાવ માંગતી નથી. અગાઉ તેમના પિતા થાકસિન શિનવાત્રા પણ વડાપ્રધાન રહી ચુક્યા છે. થાઈલેન્ડના શિનવાત્રા અને કંબોડિયાના હુન સેનના પરિવાર દાયકાઓથી એકબીજાને જાણે છે અને સારા સંબંધો પણ ધરાવે છે.

### કર્ણાટક કોંગ્રેસમાં બળવાની આશંકા

# કર્ણાટકમાં સત્તાપલટો થવાની અટકળો વચ્ચે રાજકારણ ગરમાયું

## વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હટાવી ડીકે શિવકુમારને કમાન સોંપવામાં આવે

કર્ણાટક,તા.૧

કર્ણાટકમાં સત્તાપલટો થવાની અટકળો વચ્ચે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા રણદીપ સિંહ સૂરજેવાલાની બેંગ્લુરૂ મુલાકાત પહેલાં જ નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના નજીકના ધારાસભ્યે મોટો દાવો કરતાં ખળભળાટ મચ્યો છે. તેમણે કહ્યું કે, આશરે ૧૦૦ ધારાસભ્યો ઈચ્છે છે કે, મુખ્યમંત્રીની ખુરશીમાં હવે ફેરફાર થાય. તેમનો સ્પષ્ટ સંકેત છે કે, વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને હટાવી ડીકે શિવકુમારને કમાન સોંપવામાં આવે.

ધારાસભ્યે ચેતવણી આપી હતી કે, જો હવે કોઈ પરિવર્તન નહીં આવે, તો ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સત્તા જોખમમાં મુકાઈ શકે છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસૈને ખુલ્લેઆમ ડીકે શિવકુમારને ટેકો આપ્યો છે. તેમણે કહ્યું હતું કે "આ ફક્ત મારો અભિપ્રાય નથી, ૧૦૦થી વધુ ધારાસભ્યો પરિવર્તન ઈચ્છે છે. ઘણા ધારાસભ્યો આ ક્ષણની રાહ જોઈ રહ્યા છે. તેઓ સુશાસનની અપેક્ષા રાખે છે અને માને છે કે ડીકે શિવકુમારને તક મળવી જોઈએ. શિવકુમારે કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિ (KPCC) ના પ્રમુખ બન્યા પછી દિવસ-રાત પાર્ટી માટે કામ કર્યું છે અને પાર્ટીની તાકાત વધારી છે. તેમના કામને કારણે લોકો તેમની સાથે ઉભા છે."

ઈકબાલ હુસૈને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ સુરજેવાલા સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી બદલવાનો મુદ્દો ચોક્કસપણે ઉઠાવશે. જો હવે કોઈ પરિવર્તન નહીં આવે, તો ૨૦૨૮માં કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવી શકે છે. પક્ષના હિતમાં આ પરિવર્તન હવે જરૂરી છે.

તાજેતરમાં કર્ણાટકમાં મુખ્યમંત્રી પદ બદલાવવાની અટકળો વચ્ચે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી અંગેનો નિર્ણય ફક્ત હાઈકમાન્ડ જ લઈ શકે છે. પક્ષના નેતાઓ અને કાર્યકરોએ આ પ્રકારની અફવાઓને વેગ આપવો નહીં. જેના પર ઈકબાલ હુસૈને કહ્યું હતું કે, કોંગ્રેસમાં શિસ્ત છે, અમે હાઈકમાન્ડનું સન્માન કરીએ છીએ, પરંતુ આપણે સત્ય બોલવું જોઈએ.

કર્ણાટકના પ્રભારી મહાસચિવ રણદીપ સિંહ સૂરજેવાલા કર્ણાટક પહોંચ્યા છે. જો કે, તેમણે આ મુલાકાતને સંગઠનાત્મક ગણાવી છે. તેમણે લીડરશીપમાં પરિવર્તનના અહેવાલોને માત્ર અફવાઓ ગણાવી છે. મંગળવારે સતત બીજા દિવસે રાજ્યના શાસક પક્ષના ધારાસભ્યો સાથે સુરજેવાલા બેઠકો કરી રહ્યા છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે ધારાસભ્યો સાથેની તેમની ત્રણ દિવસીય વન-ટુ-વન બેઠકોના પ્રથમ તબક્કાના ભાગ રૂપે સુરજેવાલા આજે બેંગલુરુ શહેર, બેંગલુરુ ગ્રામીણ, બેંગલુરુ દક્ષિણ, ચામરાજનગર, મૈસુર જિલ્લાઓ અને દક્ષિણ કન્નડ અને કોલારના લગભગ ૨૦ ધારાસભ્યોને મળશે. સુરજેવાલાએ સ્પષ્ટ કર્યું કે તેમની મુલાકાતનો હેતુ ફક્ત પાર્ટીને મજબૂત બનાવવા અને વિકાસ કાર્યોની સમીક્ષા કરવાનો છે.

### સંઘના લોકો સમાજમાં નફરત ફેલાવી રહ્યા છે

# કેન્દ્રમાં સત્તામાં આવતા જ RSS પર પ્રતિબંધ મૂકીશું : ખડગેના દીકરાની જાહેરાત

## કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સતત RSSની ટીકા કરી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર અને કર્ણાટક સરકારમાં મંત્રી પ્રિયાંક ખડગેએ જાહેરાત કરી છે કે, 'જો કોંગ્રેસ ફરીથી કેન્દ્રમાં સત્તામાં આવશે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર દેશભરમાં પ્રતિબંધ મૂકવામાં આવશે.' કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સતત RSSની ટીકા કરી રહ્યા છે અને સંગઠન પર દેશને વિભાજીત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. ત્યારે હવે પ્રિયાંક ખડગેની આ જાહેરાતથી નવી ચર્ચા શરુ થઈ છે. RSS પર દેશભરમાં પ્રતિબંધ મૂકવા વિષે વાત કરતા પ્રિયાંક ખડગેએ કહ્યું કે, 'દેશમાં કોણ નફરત ફેલાવી રહ્યું છે, કોમી હિંસા માટે કોણ જવાબદાર છે, બંધારણ બદલવાની વાત કોણ કરી રહ્યું છે? RSS તેની રાજકીય શાખા BJP પાસેથી મહત્ત્વપૂર્ણ પ્રશ્નો કેમ નથી પૂછતું કે દેશમાં બેરોજગારી કેમ વધી રહી છે, પહલગામમાં આતંકવાદી હુમલો કેવી રીતે થયો? આ ન પૂછીને, સંઘના લોકો સમાજમાં નફરત ફેલાવી રહ્યા છે. આથી કોંગ્રેસ કેન્દ્રમાં સત્તામાં આવતા જ RSS પર પ્રતિબંધ મૂકીશું.'કર્ણાટક સરકારના મંત્રી પ્રિયાંક ખડગેએ વધુમાં કહ્યું કે, 'શું ED, IT જેવી બધી તપાસ એજન્સીઓ ફક્ત વિપક્ષ માટે જ છે, સરકાર RSSની તપાસ કેમ નથી કરતી, તેમના પૈસા ક્યાંથી આવી રહ્યા છે, તેમની આવકનો સ્રોત શું છે. સંઘના લોકો દર વખતે નફરતભર્યા ભાષણો અને બંધારણ બદલવાની વાત કરીને કેવી રીતે છટકી જાય છે, આર્થિક ગુનાઓ કર્યા પછી તેઓ કેવી રીતે છટકી જાય છે, આ બધા મુદ્દાઓની તપાસ થવી જોઈએ.'પ્રિયાંક ખડગેએ આવું નિવેદન આપ્યું હોય તેવું આ પહેલી વાર નથી. બે વર્ષ પહેલાં પણ કર્ણાટકના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, 'જો કોઈ સંગઠન રાજ્યમાં શાંતિ ભંગ કરવાનો અથવા સાંપ્રદાયિક વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરશે, તો સરકાર તેના પર પ્રતિબંધ મૂકવામાં બિલકુલ અચકાશે નહીં.'કોંગ્રેસે કર્ણાટકમાં પોતાના મેનિફેસ્ટોમાં કહ્યું હતું કે, 'રાજ્યમાં સત્તામાં આવતાની સાથે જ તે બજરંગ દળ, પીએફઆઈ સહિત જાતિ અને ધર્મના આધારે સમુદાયો વચ્ચે નફરત ફેલાવતી તમામ સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરશે.'૨૭ સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ કેશવ બલરામ હેડગેવારે દ્વારા વિજયાદશમીના દિવસે RSSની સ્થાપના કરવામાં આવી હતી. પરંતુ અત્યાર સુધી આ સંગઠન પર ત્રણ વાર અલગ અલગ કારણોસર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વર્ષ ૧૯૪૮ માં મહાત્મા ગાંધીની હત્યા પછી, સંઘ પર ૧૮ મહિના માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો કારણ કે બાપુની હત્યા RSS સાથે જોડાયેલી હતી. આ પછી, વર્ષ ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીની સરકારે કટોકટીનો વિરોધ કરવા બદલ RSS પર પ્રતિબંધ મૂક્યો હતો, જે બે વર્ષ સુધી રહ્યો હતો. ત્રીજી વખત, વર્ષ ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસમાં સંઘની ભૂમિકાના કારણે તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરંતુ ૬ મહિના પછી આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો.

# ભારતને સિંધુ જળ સંધિ બહાલ કરવા કર્યો આગ્રહ

નવીદિલ્હી,તા.૧

પાકિસ્તાને સોમવારે (૩૦મી જૂન) ભારતને સિંધુ જળ સંધિ ફરી શરુ કરવા અપીલ કરી છે. જેને ભારતે પહેલગામ આતંકી હુમલા બાદ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. હવે પાકિસ્તાનનું કહેવું છે કે, હેગ સ્થિત પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશન(PCA)ના તાજેતરના ચુકાદાથી જાણવા મળ્યું છે કે આ કરાર હજુ પણ માન્ય અને કાર્યક્ષમ છે.

અહેવાલો અનુસાર, સિંધુ જળ સંધિની જોગવાઈઓ હેઠળ બે જળવિદ્યુત પ્રોજેક્ટ્સની ડિઝાઈનના કેટલાક પાસાઓ પર પાકિસ્તાને વાંધો ઊઠાવ્યા બાદ પીસીએમાં કાર્યવાહી શરુ કરવામાં આવી હતી, જેને ભારતે ક્યારેય માન્યતા આપી નથી. ભારતે આ નિર્ણયને સખત શબ્દોમાં નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે, 'પાકિસ્તાન સાથેના વિવાદ નિરાકરણ માટેના કહેવાતા માળખાને ક્યારેય માન્યતા આપી નથી.'પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૨૭મી જૂનના રોજ પીસીઓ દ્વારા આપવામાં આવેલ પૂરક ચુકાદો "પાકિસ્તાનના વલણને ફરીથી સમર્થન આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યરત છે, અને ભારતને તેના સંદર્ભમાં એકપક્ષીય કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી."પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પીસીએનો પૂરક ચુકાદો પુષ્ટિ આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યક્ષમ છે. અમે ભારતને તાત્કાલિક સિંધુ જળ સંધિની સામાન્ય કામગીરી પુનઃસ્થાપિત કરવા અને સંધિની તેની જવાબદારીઓને સંપૂર્ણ અને પ્રામાણિકપણે પૂર્ણ કરવા અપીલ કરીએ છીએ.

# જમ્મુ-કાશ્મીરમાં ત્રણ રાજકીય પાર્ટીઓની નોંધણી રદ થઈ શકે છે

જમ્મુ,તા.૧

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ રાજકીય પાર્ટીઓની નોંધણી રદ થઈ શકે છે. આ ત્રણેય પાર્ટી રાજકીય રૂપે નિષ્ક્રિય છે અને તેમની નિષ્ક્રિયતાનું સંજ્ઞાન લેતા મુખ્ય ચૂંટણી અધિકારીએ સોમવારે (૩૦ જૂન) ત્રણેય રાજકીય પાર્ટી ઑલ જમ્મુ-એન્ડ કાશ્મીર રિપબ્લિકન પાર્ટી, ઈન્ડિયન પીપુલ્સ કૉન્ફ્રેન્સ અને સોશિયલિસ્ટ ડેમોક્રેટિક પાર્ટીને કારણ જણાવો નોટિસ જાહેર કરી છે. જમ્મુ-કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, પ્રદેશમાં વિવિધ રાજકીય પાર્ટીની ગતિવિધિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન જોવા મળ્યું કે, ત્રણ નોંધાયેલી રાજકીય પાર્ટીઓ વર્ષ ૨૦૧૯થી સંપૂર્ણપણે નિષ્ક્રિય છે. તેમણે ૨૦૧૯થી જમ્મુ અને કાશ્મીરમાં કોઈપણ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો નથી. આ ઉપરાંત, આ પાર્ટીના વર્તમાન સરનામાં કોઈને ખબર નથી, તેથી તેમના અસ્તિત્વ પર પ્રશ્નો ઊભા થાય છે. આ પાર્ટીઓને કારણ જણાવો નોટિસ ફટકારવામાં આવી છે અને તેમનો પક્ષ રજૂ કરવાનું કહેવાયું છે કે કે, કેમ તેમને રજિસ્ટર્ડ પાર્ટીઓની યાદીમાંથી કેમ ન કરવા જોઈએ? આ પાર્ટીઓને ૭ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં સોગંદનામા અને અન્ય જરૂરી દસ્તાવેજો સાથે લેખિતમાં પોતાનો પક્ષ રજૂ કરવા કહેવામાં આવ્યું છે. ચૂંટણી પંચના એક અધિકારીના જણાવ્યા અનુસાર, 'જો સંબંધિત પાર્ટીઓ નક્કી કરેલી સમયમર્યાદામાં પોતાનો પક્ષ રજૂ કરવામાં અસમર્થ રહે છે, તો મુખ્ય ચૂંટણી અધિકારી યોગ્ય કાર્યવાહી કરી શકે છે. આ કાર્યવાહી જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી રાજકારણને સંપૂર્ણપણે સુગમ બનાવવા અને નોંધાયેલા રાજકીય પક્ષોની સક્રિયતા સુનિશ્ચિત કરવાની પ્રક્રિયાનો એક ભાગ છે

### ૨૩ લાખ લોકો સામે ભૂખમરાનું સંકટ

# ગાઝામાં સ્થિતિ બેકાબૂ, ૧૫ દિવસમાં ૧૦૦૦ લોકોના મોત

## ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરના કારણે ઈઝરાયલે ઈરાન પર હુમલા તો અટકાવી દીધા છે, પરંતુ ગાઝા પર હુમલા ચાલુ છે

ગાઝા,તા.૧

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરના કારણે ઈઝરાયલે ઈરાન પર હુમલા તો અટકાવી દીધા છે, પરંતુ ગાઝા પર હુમલા ચાલુ છે. ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝામાં સ્થિત કેફે, શાળા અને ભોજન વિત્તરણ સ્થળો પર હુમલો કરતાં આશરે ૯૪ લોકો માર્યા ગયા હતાં. યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૫ દિવસમાં ઈઝરાયલના હુમલામાં ગાઝાના ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના હુમલાના કારણે ગાઝામાં રહેતાં ૨૩ લાખ લોકો સામે ભૂખમરાનું સંકટ ઉભુ થયુ છે.ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓના આંકડાઓને ધ્યાનમાં લઈએ તો ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી અત્યારસુધીમાં હુમલામાં ૫૬૫૦૦ પેલેસ્ટિનિયન મોતને ભેટ્યા છે. ખાલિદ ખેરીએ જણાવ્યું હતું કે, ગાઝામાં પીડા અને ક્રૂરતાનું સ્તર અસહ્ય છે. પેલેસ્ટિનિયનને સામૂહિક ધોરણે મારવામાં આવી રહ્યા છે.ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝા પર હુમલો કરતાં કુલ ૯૫ લોકોના મોત થયા હતાં. જેમાંથી ૩૯ના મોત તો એક કેફેમાં જ થયા હતાં. દરિયાકિનારે આવેલા અલ-બાકા કેફે નજીક હુમલો થતાં ૩૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતાં. આ કેફેમાં ભોજન નહીં પણ મોબાઈલ ચાર્જ અને ઈન્ટરનેટ કનેક્શન મળી રહ્યું હતું. જ્યાં એક સ્થાનિક પત્રકાર ઈસ્માઈલ અબુ હતબ પણ માર્યા ગયા હતાં. પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, ઈઝરાયલના ફાઈટર જેટ વડે હુમલો કરવામાં આવ્યો હતો.ઈઝરાયલના સૈન્ય દળોએ કોઈપણ પ્રકારનું એલર્ટ આપ્યા વિના જ ગઈકાલે હુમલા કર્યા હતાં. તેમણે ટેન્ટમાં આશરો લઈ રહેલા શરણાર્થીઓને ટાર્ગેટ બનાવ્યા હતાં. ટેન્ટમાં લાશોના ઢગલાં જોવા મળ્યા હતાં. ઝૈતોન વિસ્તારમાં ભોજન વિત્તરણ કરતા વેરહાઉસ પર હવાઈ હુમલો કર્યો હતો. જ્યાં ૧૩ લોકો માર્યા ગયા હતાં. આ સિવાય ગાઝાના યાફા શાળામાં પણ બોમ્બ ફેંક્યો હતો.વ્હાઈટ હાઉસ ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસો કરી રહ્યું છે. અમેરિકાના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓ હવે ગાઝા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાર અને બંધકોને મુક્ત કરવા પર ચર્ચા કરી રહ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયર કરાવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલુ યુદ્ધ રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ટ્રમ્પે પણ ગત શુક્રવારે સંકેત આપ્યો હતો કે, આગામી સપ્તાહ સુધી યુદ્ધવિરામ પર સહમતિ મળી શકે છે.

# લીલીયા મોટાનાં લોકપ્રિય ડો. તોમર વયમર્યાદાથી નિવૃત્ત થતાં વિદાય અપાઈ



લીલીયા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા વર્ષોથી ડેન્ટલ વિભાગમાં ડોકટર તરીકે ફરજ બજાવતા ડો. લખમણસિંહ એલ. તોમર વય મર્યાદાથી નિવૃત્ત થતા વિદા અપાઈ ડોકટર તોમર છેલ્લા ઘણા વર્ષોથી લીલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડેન્ટલ વિભાગમાં ડોકટર તરીકે ફરજ બજાવતા હોય ત્યારે તેમની વય મર્યાદાથી નિવૃત્તિનો સમય થતાં લીલીયાના સામાજિક આગેવાનો, રાજકીય આગેવાનો દ્વારા ડો. તોમરને સાકર પડો, પુષ્પગુચ્છ, સાલ, મોમેન્ટો આપી ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યું ડો. તોમરે લીલીયાનું નામ અમરેલી જિલ્લામાં નહીં પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં રોશન કરેલ અનેક દર્દીઓ દૂર દૂરથી ડો. તોમર પાસે પોતાના દાંતના ઈલાજ માટે આવતા કોમળ સ્વભાવ ધરાવતા ડોકટર તોમર દ્વારા દર્દીને ભગવાનનું સ્વરૂપ સમજી તેમની શકય તેટલી સેવા કરી આપતા મસ મોટા ખર્ચાથી પણ દર્દીની દાંતની બીમારી સારી ન થાય ત્યારે ડો. તોમર દ્વારા આવા અનેક દર્દીઓને નિઃશુલ્ક સેવા આપી ખૂબ આશીર્વાદ પ્રાપ્ત કરેલ છે તેમજ લીલીયાની જનતાને પોતાનો પરિવાર સમજી તમામ લોકોના સુખ દુઃખના સાથીદાર હતા જોકે લીલીયાની જનતાની સેવા માટે આવનાર દિવસોમાં ડો. તોમર પોતાના વતન ન જઈને લીલીયા શહેરમાં પોતાની સેવા આપશે લીલીયા સિવિલ હોસ્પિટલમાં સદાય હસતો ચહેરો ડો. તોમર આવનાર દિવસોમાં સિવિલ હોસ્પિટલ ખાતે જોવા નહીં મળે તેની લીલીયા તેમજ આજુબાજુના વિસ્તારને મોટી ખોટ વર્તાશે ત્યારે ડો. તોમરે કરેલ નિસ્વાર્થ ભાવે દર્દીઓની સેવા લીલીયાની જનતાને હંમેશા યાદ રહેશે આ તકે રાજકીય આગેવાનો લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, ભાસ્કરભાઈ પટેલ, પરેશ પહાડા, આર.બી. ભાલાળા સહિત અમરેલી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના વતી જિલ્લા ઠાકોર સમાજ શિક્ષણ મંચના કન્વીનર રાજુભાઈ ગલસાણીયા, લીલીયા ઠાકોર સેનાના પ્રમુખ વિજયભાઈ કોગથીયા, રવજીભાઈ વઘેડિયા, કાંતિભાઈ ડુંગરિયા, બાબુભાઈ જાસલીયા, શાંતિભાઈ વાઘેલા, કાંતિભાઈ સાથળીયા, નરશીભાઈ મકવાણા સહિતના રાજકીય સામાજિક આગેવાનો આ વિદાઈ સમારંભમાં ઉપસ્થિત રહી વિદાય સન્માન આપેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ઇન્ડોનેશિયામાં ડિફેન્સ એટેચી કેપ્ટન શિવકુમારની ટિપ્પણીથી ફરી ચર્ચા

## ભારતે ઓપરેશન સિંદૂરમાં કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યાઃ નેવી અધિકારી

**૭ મે, ૨૦૨૫ની રાત્રે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હવાઇ દળે પાકિસ્તાનમાં ફાઇટર જેટ્સ ગુમાવ્યા હતા**

કોલકાતા, તા.૦૧

૭ મે, ૨૦૨૫ની રાત્રે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હવાઈ દળે પાકિસ્તાનમાં ફાઈટર જેટ્સ ગુમાવ્યા હતા. આ ભારતીય નેતાગિરીની પાકિસ્તાનના લશ્કરી થાણાં કે એર ડિફેન્સ પર હુમલા નહિ કરવાની સૂચનાને કારણે થયું હતું તેમ ભારતના ઈન્ડોનેશિયા ખાતેના ડિફેન્સ એટેચી કેપ્ટન (ભારતીય નેવી) શિવ કુમારે જણાવ્યું છે. જોકે ભારતે તેમના નિવેદનને મીડિયાએ ''સંદર્ભની બહાર'' ટાંક્યું હોવાનું કહ્યું છે. સીડીએસ પછી તેમની આ ટિપ્પણીએ ફરી એકવાર ચર્ચા જગાવી છે. શિવકુમારે ૧૦ જૂને એક કાર્યક્રમમાં આ ટિપ્પણ કરી હતી. અહીં તેઓ ભારત-પાકિસ્તાન યુદ્ધના સંદર્ભમાં હવાઈ તાકાતના વ્યૂહો અંગે સંબોધન કરી રહ્યા હતા. ભારતીય વિમાનોને ઓપરેશન સિંદૂરમાં નુકસાન થયું હતું તેમ લશ્કરના બીજા અધિકારીની આ કેફિયત અત્યંત મહત્વની મનાય છે.

અગાઉ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાન આ વાત કરી ચૂક્યા છે. જોકે તે અગાઉ પણ આઠ મેના રોજે એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ પણ કહ્યું હતું કે અમે લડાઈની સ્થિતિમાં છીએ અને નુકસાન એ લડાઈનો ભાગ છે. આ મામલે રાજકીય આક્ષેપબાજી ચાલી રહી છે. સીડીએસની કબૂલાત બાદ તેમાં ઉમેરો થયો છે. કેપ્ટન શિવ કુમારે ઉમેર્યું કે રાજકીય નેતૃત્વ દ્વારા નક્કી કરાયેલા નિર્દેશોના કારણે ઓપરેશનના પ્રાથમિક તબક્કામાં ભારતીય વાયુસેના પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકી નહતી. અમે કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યા હતા. રાજકીય નેતૃત્વ પાસેથી સૈન્ય સંસ્થાનો કે તેમની સુરક્ષા પ્રણાલી પર હુમલો નહિ કરવાનો નિર્દેશ અપાયો હતો. જોકે નુકસાન પછી ભારતે રણનીતિ બદલી હતી અને સૈન્ય ઠેકાણાંને નિશાન બનાવ્યા હતા અને દુશ્મનનો એર ડિફેન્સ સિસ્ટમને નુકસાન પહોંચાડવામાં આવ્યા હતા. ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે ડિફેન્સ એટેચીનું નિવેદનને સંદર્ભથી અલગરીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. તેમની રજૂઆતનો ઈરાદો અને મૂળ હેતુને ખોટીરીતે રજૂ કરાયા છે. કોંગ્રેસે સરકાર પર દેશને ગુમરાહ કરવાનો આક્ષેપ કર્યો છે. પાર્ટી મહામંત્રી જયરામ રમેશે કહ્યું કે અગાઉ સીડીએસે સિંગાપુરમાં આવી વાત કરી હતી. હવે વરિષ્ઠ અધિકારી ઈન્ડોનેશિયામાં આવા દાવા કરે છે. પરંતુ વડાપ્રધાન મોદી સર્વપક્ષીય બેઠકનું અધ્યક્ષપદ કરવા અને વિપક્ષને વિશ્વાસમાં લેવાથી કેમ ઈનકાર કરી રહ્યા છે? સંસદની ખાસ સત્રની માગણી પણ નકારી દેવાઈ છે.

### કુલદીપ - અર્શદીપને બીજી ટેસ્ટમાં સામેલ કરોઃ પૂર્વ ભારતીય હેડ કોચની સલાહ

## બોલિંગ આક્રમણમાં વૈવિધ્યનો અભાવ ભારત માટે ચિંતાજનકઃ ગ્રેગ ચેપલ

**ચેપલે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'હેડિંગ્લી ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું**

લંડન, તા.૦૧

ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ ગ્રેગ ચેપલે ઈંગ્લેન્ડ પ્રવાસ પર રવિન્દ્ર જાડેજાની પ્લેઈંગ ઈલેવનમાં પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે કે, તે ફ્રન્ટલાઈન સ્પિનર નથી. આવી સ્થિતિમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં એકમાત્ર સ્પિનર તરીકે પસંદ ન કરવો જોઈએ. લીડ્સના હેડિંગલી ખાતે રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા પાંચ વિકેટથી હારી ગઈ હતી. ભારતે છેલ્લા દિવસે બોલિંગ કરી હતી, પરંતુ આ મેચમાં રમનાર એકમાત્ર સ્પિનર રવિન્દ્ર જાડેજાને માત્ર એક જ વિકેટ મળી હતી. બેટથી પણ તેનું યોગદાન પ્રશંસનીય નહોતું, કારણ કે તે બંને ઈનિંગ્સમાં માત્ર ૩૬ રન જ બનાવી શક્યો હતો. ચેપલ માને છે કે પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાને બોલિંગ આક્રમણમાં વિવિધતાના અભાવનું પરિણામ ભોગવવું પડ્યું હતું. તેમણે કહ્યું કે જો ભારતે આ શ્રેણીમાં પોતાનું નસીબ બદલવું હોય તો સંતુલિત ટીમની જરૂર છે. સિલેક્ટર્સે સાહસી નિર્ણયો લેવાની હિંમત રાખવી પડશે. તેમણે કુલદીપ યાદવને શેન વોર્ન પછી શ્રેષ્ઠ સ્પિનર ગણાવતા તેની સાથે અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાની સલાહ આપી હતી. ચેપલે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'હેડિંગ્લી ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું. ભારતે પોતાની સમસ્યાઓ ઉભી કરી હતી. સૌથી મોટી ભૂલ નો બોલ હતી જેણે બીજી ઈનિંગની શરૂઆતમાં હેરી બ્રુકને જીવનદાન આપ્યું હતું. ૭૬ વર્ષીય ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને કહ્યું કે ભારત માટે બીજી સમસ્યા એ પણ હતી કે, ટીમના જમણા હાથના ઝડપી બોલર મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને શાર્દુલ ઠાકુરે લગભગ સમાન બોલિંગ કરી હતી.

ભારતીય બોલિંગ આક્રમણમાં વિવિધતાનો અભાવ હતો. જસપ્રીત બુમરાહ સિવાય, બાકીના ફાસ્ટ બોલરો સમાન હતા. બોલિંગમાં ફેરફાર પછી તરત જ વિકેટ પડવાનું કારણ એ છે કે બેટ્સમેનને એડજસ્ટ થવામાં સમય લાગે છે પરંતુ ભારતીય ટીમ પાસે આ વિકલ્પ નહોતો. આ ઉપરાંત ચેપલે ભારતીય ટીમ મેનેજમેન્ટની સંતુલિત બોલિંગ આક્રમણ કરતાં ડીપ બેટિંગને પ્રાથમિકતા આપવા બદલ પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું, હું એ વાત સાથે સહમત નથી કે બોલિંગ કરનાર વધારાના બેટ્સમેનને ટોપ ઓર્ડરમાં પસંદ કરવામાં આવે. ટોપ ૬ બેટ્સમેન પર રન બનાવવા માટે વિશ્વાસ રાખવો જોઈએ. આ સાથે કેપ્ટન પાસે ૨૦ વિકેટ લેવા માટે શ્રેષ્ઠ સંયોજન હોવું જોઈએ.

### ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી

## GSFAના અધ્યક્ષ તરીકે પરિમલ નથવાણીની પુનઃવરણી કરાઈ

**ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે : નાણામંત્રી નિર્મલા સીતારામન**

અમદાવાદ,તા.૧

અમદાવાદ : આજે અમદાવાદમાં મળેલી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ની ૪૭મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)માં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. મૂળરાજસિંહ ચુડાસમાની માનદ મહામંત્રી તરીકે તેમજ પ્રદીપસિંહ વાઘેલા, જિગ્નેશ પાટીલ, અરુણસિંહ રાજપૂત તથા ગુણવંતભાઈ ડેલાવાલાની ઉપાધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ દેસાઈની વરણી હનીફ જીનવાલાની જગ્યાએ ઉપાધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી, જ્યારે અંકિત પટેલની વરણી માનદ્ ખજાનચી તરીકે કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા જિલ્લા એસોસિએશન તથા વ્યક્તિઓને જી.એસ.એફ.એ. એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની તર્જ પર શરૂ કરાયા છે. આ પ્રસંગે જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, "સમગ્ર ગુજરાતમાં ફૂટબોલને સુલભ અને સાતત્યપૂર્ણ બનાવવાનું અમારું વિઝન અમારા પ્રયાસોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. આ વર્ષ દરમિયાન ગુજરાતના યુવા ખેલાડીઓની ભાગીદારીમાં વધારો જોવા મળ્યો જે આપણી ફૂટબોલ ઈકોસિસ્ટમની ગહનતા અને અનુશાસનનો પુરાવો છે."તેમણે ઉમેર્યું હતું કે, ''જી.એસ.એફ.એ. અભિનંદનને પાત્ર છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન, ૨૬ વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું, કુલ ૧૧૬૮ મેચ રમવામાં આવી, અને ૬૪૬૮ ગોલ નોંધાયા. એ.આઈ.એફ.એફ.ના સી.આર.એસ. અન્વયે, ગુજરાતમાં કુલ ૭૪૦૦ જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી ૪૮૩૬એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.''

અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ અપાયો હતો, ઈન્ટ્રા-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ સુરતને ફાળે ગયો હતો અને બેસ્ટ સપોર્ટિવ ડિસ્ટ્રિક્ટ એવોર્ડ રાજકોટને એનાયત કરાયો હતો.

જ્યારે બેસ્ટ પરફોર્મિંગ એક્ટિવ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને મળ્યો હતો. એ.આર.એ. ફૂટબોલ ક્લબ, અમદાવાદ અને નવરચના એસ.એ., વડોદરાને જી.એસ.એફ.એ.ની છત્રછાયા હેઠળ બેસ્ટ પરફોર્મિંગ ફૂટબોલ ક્લબ્સ તરીકે સંયુક્ત વિજેતા ઘોષિત કરાયા હતા. વ્યક્તિગત કેટેગરીમાં, ફૂટબોલ રેફરી ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં રચના કામાણી અને પુરુષ કેટેગરીમાં પ્રતીક બજાજને અપાયો હતો. જ્યારે કોચ ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં ફેલસીના મીરાન્ડા અને પુરુષ કેટેગરીમાં સલીમ પઠાણને ફાળે ગયો. આ પ્રકારે જ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી નાઝબાનુ શેખ અને કિશન સિંહને સન્માનિત કરાયા હતા. જ્યારે બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મહિલા કેટેગરીમાં તન્વી માલાણી અને પુરુષ કેટેગરીમાં અમન શાહને અપાયો હતો. જી.એસ.એફ.એ.ના માનદ મહામંત્રી મૂળરાજસિંહ ચુડાસમાએ વાર્ષિક એક્ટિવિટી રિપોર્ટની સાથે નવા ફૂટબોલ વર્ષ માટેનું કેલેન્ડર રજૂ કર્યું હતું. બોર્ડના સભ્યો સમક્ષ વાર્ષિક હિસાબો અને બેલેન્સશીટ પણ પ્રસ્તુત કરાઈ હતી. એજીએમમાં કારોબારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચુડાસમાએ જણાવ્યું હતું કે ''છેલ્લાં ચાર વર્ષમાં ગુજરાત ફૂટબોલે રમતના દરેક પાસામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગ્રાસરૂટ સ્તરે વિકાસથી માંડીને સ્પર્ધાત્મક સિદ્ધિઓ સુધી જે સફળતા મળી છે તે સહિયારી છે – જે હોદ્દા કે ભૂમિકાને ધ્યાનમાં લીધા સિવાય એસોસિએશન સાથે સંકળાયેલા તમામની છે."

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

**નાગરિકોના સુરક્ષિત-સુખી અને ગરિમા પૂર્ણ જીવન માટેની વિવિધ જનસુરક્ષા યોજનાઓના લાભ તમામને**

અમદાવાદ,તા.૧

નાગરિકોના સુરક્ષિત-સુખી અને ગરિમા પૂર્ણ જીવન માટેની વિવિધ જનસુરક્ષા યોજનાઓના લાભ તમામ જરૂરતમંદ લોકોને સુનિશ્ચિત કરવાના જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

કલ્યાણ યોજનાઓના લાભથી બાકાત રહી ગયેલા જરૂરતમંદ લાભાર્થીઓને શોધીને સરકાર સામે ચાલી તેમના ઘરે જઈને યોજનાઓના લાભ વડાપ્રધાનની પ્રેરણાથી પહોંચાડે છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત સંકલ્પને વિકસિત ગુજરાતથી સાકાર કરવા જરૂરતમંદ લાભાર્થીઓ સુધી યોજનાઓ પહોંચાડીને તેમના સામાજિક-આર્થિક જીવનમાં પરિવર્તન લાવવા જિલ્લા અધિકારીઓને આહવાન

રાજયના જિલ્લાઓના કલેકટરઓ – વિકાસ અધિકારીઓશ્રીઓ – શહેરી સત્તા મંડળો અને બેંકના અધિકારીઓને ડિસ્ટ્રીક્ટ એક્શન પ્લાન બનાવીને યોજનાઓમાં સંતૃપ્તિના લક્ષ્યાંકો પાર પાડવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બધી જ કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં સામાન્ય માનવીને રાખ્યો છે. આવી કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવાથી કોઈ પણ જરૂરતમંદ વ્યક્તિ વંચિત ન રહી જાય તેની કાળજી વડાપ્રધાનના નેતૃત્વમાં સરકાર લે છે.

એટલું જ નહીં, લાભાર્થીઓના ઘરે સામે ચાલીને સરકાર જાય છે અને તેમને મળવાપાત્ર સામાજિક- આર્થિક સુરક્ષા યોજનાઓના લાભ પહોંચાડે છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નાગરિક કલ્યાણ લક્ષી અભિગમની પ્રેરણાથી દેશભરમાં શરૂ થયેલા જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. તા. ૦૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર એટલે કે ત્રણ માસ સુધી ચાલનારા આ અભિયાન અન્વયે નાગરિકોના સુરક્ષિત, સુખી અને ગરિમાપૂર્ણ જીવન માટેની વિવિધ જન સુરક્ષા યોજનાઓના લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ આ અભિયાનના પ્રારંભ વેળાએ પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજનાના ત્રણ લાભાર્થીઓને પ્રત્યેકને મૃત્યુ સહાયના રૂપિયા ૨ લાખના ચેક તેમજ જનધન યોજનાના લાભાર્થીને બેંક ખાતાની પાસબુકનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સરકારની જન કલ્યાણની યોજનાઓના લાભ મેળવવાથી હજુ પણ વંચિત હોય તેવા જરૂરતમંદ લોકોને આ અભિયાન દરમ્યાન લાભ પહોંચાડવાનું સામાજિક દાયિત્વ આપણે નિભાવવાનું છે. તેમણે જણાવ્યું કે, આવા જરૂરતમંદ લોકોના સામાજિક-આર્થિક ઉત્કર્ષની આપણી જવાબદારી છે તેને સુપેરે અદા કરીને છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનું પૂણ્ય કાર્ય કરવાની આ એક મોટી તક છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે તેને જરૂરતમંદ લાભાર્થીઓ, સમાજના અંતિમ છોરના વ્યક્તિ સુધી કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડીને વિકસિત ગુજરાતના નિર્માણથી સાકાર કરવા મુખ્યમંત્રીએ આહવાન કર્યું હતું. આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ શહેરી સત્તા મંડળો અને બેંકના અધિકારીઓ ડિસ્ટ્રીકટ એકશન પ્લાન બનાવીને આ યોજનાઓમાં સંતૃપ્તિના લક્ષ્યાંકો પાર પાડે તે માટેના દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીએ આપ્યાં હતાં. નાણાં વિભાગના અગ્ર સચિવ ટી. નટરાજને આ જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા રાજ્યમાં નાણાંકીય સમાવેશનની વિવિધ કલ્યાણ યોજનાઓની વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે, આ અભિયાન દરમિયાન પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, હાલના જનધન ખાતાઓ માટે કે.વાય.સી. ફરીથી પૂર્ણ કરવું તેમજ બિન નાણાંકીય પુખ્ત વયના લોકોના જનધન ખાતા ખોલવા ઉપરાંત ડીજીટલ ફ્રોડ સામે જાગૃતિ જેવા વિષયોને આવરી લેવાશે. તેમણે રાજ્યમાં ૧.૯૩ કરોડ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે તેની માહિતી આપતા ઉમેર્યું કે, છેવાડાના માનવીના ઉત્કર્ષ અને કલ્યાણની વિવિધ કેન્દ્રીય યોજનાઓના ૨૧ હજાર ૪૦૯ કરોડના લાભો ડી.બી.ટી.થી આ ખાતાઓમાં ચૂકવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં ૯૦ લાખ જેટલા લોકોએ આ વીમા કવચનો લાભ લીધો છે. પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજનાનો ૧.૯૨ કરોડ જેટલા લોકોએ લાભ લઈને પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરી છે તેની પણ માહિતી નાણાં અગ્ર સચિવશ્રીએ આપી હતી. આ અભિયાનના પ્રારંભે રાજ્યના જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, લિડ બેંકર્સ અને ગાંધીનગર જિલ્લાના પુન્દ્રાસણ ગામના ગ્રામજનો વિડીયો કોન્ફરન્સથી સહભાગી થયા હતા.

મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, નાણાં વિભાગના આર્થિક બાબતોના સચિવ આરતી કંવર, મુખ્યમંત્રીના સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને લીડ બેંક-બેંક ઓફ બરોડાના વરિષ્ઠ અધિકારીઓ આ અભિયાનના શુભારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૪૬ બેન્કોની ગ્રોસ NPA સપ્ટેમ્બર-૨૦૨૪માં ૨.૬ ટકા હતી

## બેન્કોની ગ્રોસ એનપીએ માર્ચમાં ઘટીને ૨.૩%, અનેક દાયકાના તળિયે

**સેક્ટરની દૃષ્ટિએ જોઇએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ ૬.૧ ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી ૧.૨ ટકા રહી હતી**

મુંબઈ, તા.૦૧

બેન્કોની ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ (NPAs) ઘટીને માર્ચ-2025માં 2.3 ટકા થઈ હતી, જે અનેક દાયકામાં સૌથી નીચી છે તેમ રિઝર્વ બેન્કે સોમવારે કહ્યું હતું. સપ્ટેમ્બર-2024માં ગ્રોસ એનપીએ 2.6 ટકા હતી. આરબીઆઈએ છ માસિક ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટમાં કહ્યું હતું કે 46 બેન્કોની જીએનપીએ માર્ચ-2027 સુધીમાં વધીને 2.6 ટકા થઈ શકે છે. એફએસઆરમાં કહેવાયું છે કે લોન માંડવાળ (ટેકનિકલી માંડવાળ સહિત, જે ભૂતકાળમાં રિકવર કરી શકાય છે)ને કારણે છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રોસ એનપીએમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો છે. લોન માંડવાળ 2024-25માં વધીને 31.8 ટકા થઈ હતી, જે અગાઉના વર્ષે 29.5 ટકા હતી. સરકારી બેન્કોના લોન માંડવાળમાં સાધારણ ઘટાડો થયો છે. છ માસિક સ્લિપેજ રેશિયો (નવી એનપીએ) સ્થિર 0.7 ટકા રહ્યો હતો. સેક્ટરની દૃષ્ટિએ જોઈએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ 6.1 ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી 1.2 ટકા રહી હતી. મોટા લોનધારકોનો હિસ્સો GNPAમાં 37.5 ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં 43.9 ટકા હતો. આ સેગમેન્ટમાં GNPA રેશિયો સપ્ટેમ્બર-2023માં 3.8 ટકાથી ઘટીને માર્ચ-2025માં 1.9 ટકા થયો હતો. ટોપ-100 લોનધારકો પૈકી કોઈને એનપીએ તરીકે વર્ગીકૃત નથી કરાયા અને તેમનો કુલ લોનમાં હિસ્સો છેલ્લાં છ મહિનામાં 15.2 ટકા સ્થિર રહ્યો છે તેમ આ એફએસઆર રિપોર્ટમાં કહેવાયું છે. રિઝર્વ બેન્કના ડેટા અનુસાર સરકારી બેન્કોની ક્રેડિટ કાર્ડ સેગમેન્ટની GNPA વધીને 14.3 ટકા થઈ હતી, છ મહિના પહેલાં 12.7 ટકા હતી. ખાનગી સેક્ટરમાં આ સેગમેન્ટની ગ્રોસ એનપી માત્ર 2.1 ટકા રહી હતી. વર્ષ 2024-25માં સરકારી બેન્કોની ક્રેડિટ કાર્ડ લોનની બાકી રકમ 19.2 ટકા વધી હતી, જે ખાનગી સેક્ટરમાં 11.7 ટકા વધી હતી.

### સાઉન્ડ શો સહિત વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે

## ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં; ૧૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ પ્રોજેક્ટની તૈયારી

**૪૭મી વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી**

રાજકોટ,તા.૧

ગુજરાતની આગવી ઓળખ સમા ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા મંદિરો અને શિલ્પો-સ્થાપત્યોના સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. ત્યારે સૌથી ઐતિહાસિક, પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતા તથા દેશના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સોમનાથ મહાદેવનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ વિકાસ કાર્યોમાં વધુ એક સોપાન ઉમેરી સોમનાથનો પડછાયો ધરાવતા તથા ઐતિહાસિક શૌર્યના સાંસ્કૃતિક પ્રતીક સમા સૌરાષ્ટ્રમાં સોમપિપળિયા ખાતે આવેલા સાડા પાંચસો વર્ષ જુના ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના વિકાસના પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારીઓ સરકારે દર્શાવી છે.

મુઘલ આક્રમણકારીઓ સામે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ કાજે બલિદાન આપીને એક શિવલિંગનું રક્ષણ કરવા માટે અભૂતપૂર્વ શૌર્ય દાખવનારાઓની યશોગાથા સમાન ઘેલા સોમનાથ મહાદેવનું મંદિર સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકામાં સોમપિપળિયા ખાતે આવેલું છે, જેનો ઈતિહાસ આશરે સાડા પાંચસો વર્ષ જુનો મનાય છે. સાંસ્કૃતિક પ્રતીક સમા આ મંદિરમાં સંરક્ષણ-જીર્ણોદ્ધાર તથા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો તો ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યા છે.

ઘેલા સોમનાથ મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજી અહીં નવીનીકરણ-આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ મહત્વના વિકાસ કાર્યો થવાના છે, જેમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળોની જેમ જ હવે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ થવાનો છે. અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો સૌથી મહત્વનો પ્રોજેક્ટ છે. લેઝર એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે અને તેણે કામગીરી શરૂ કરી દીધી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ, ઘેલા સોમનાથ મહાદેવ સંકુલ ખાતે લેઝર એન્ડ સાઉન્ડ શો ઉપરાંત મુખ્ય માર્ગ પર રેમ્પના પગથિયા, બંને બાજુ લેન્ડસ્કેપ સાથે, શિવજીના જન્મકથાથી શરુ કરી જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવતા શિલ્પો અને શિવજીના વિવિધ સ્વરૂપોના પથ્થરના ચિત્રપટ મૂકવામાં આવશે. તદુપરાંત, ફ્રન્ટ રોડ સાઈડ કમ્પાઉન્ડ, વોલમાં શણગારાત્મક પથ્થરની કમાન તથા શિવ મહાત્મ્યનું ચિત્રપટ પેઈન્ટિંગ, મુખ્ય મંદિરની સામે મીનળદેવી ટેકરીના પાયાની તળેટી ખાતે શોપિંગ સેન્ટર તેમજ પાર્કિંગ તૈયાર કરવામાં આવશે. આ સાથે હાલ યાત્રાળુઓ માટે પરિસરમાં બેસવાની જગ્યામાં વધારો થશે અને શોપિંગ માટે હાલ રસ્તાની બંને તરફ દુકાનો બનાવવામાં આવશે.

વધુમાં મંદિરમાં પણ રિનોવેશન કરવામાં આવશે, જ્યાં જેમાં ગર્ભગૃહના માર્બલ, કંગરા, અને પ્લિન્થનું ક્લેડિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, શ્રદ્ધાળુઓ માટે બેઠક વ્યવસ્થા, મંદિરની આજુબાજુ પાકા માર્ગો, લેન્ડસ્કેપિંગ, બગીચા, શહીદ સ્મારકનું પુનર્નિર્માણ તથા સૌંદર્યીકરણ કરવામાં આવશે. તેવી જ રીતે મુખ્ય માર્ગ, તેની બંને બાજુએ પુનર્નિર્માણ અને રાહ જોવાના સ્થળોનો વિકાસ કરાશે. આ ઉપરાંત, યજ્ઞશાળાનું પુનર્નિર્માણ કરવામાં આવશે. જેથી અહીં પ્રવાસીઓ વધુ આકર્ષાશે અને સ્થાનિકોને પણ રોજગારી મળી રહેશે. નોંધનીય છે કે, ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં ૪ કરોડના ખર્ચે લાઈટ અને સાઉન્ડ શો સહિત કુલ રૂ. ૬ કરોડના ખર્ચે અનેક પ્રકારના આધુનિકીકરણ અને નવીનીકરણ કાર્યો હાથ ધરવાની જાહેરાત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. આ નવીનીકરણ કાર્યો હેઠળ મંદિરના મુખ્ય દ્વાર, પાળિયા સમાધિનો જીર્ણોદ્ધાર કરવામાં આવશે. રાજયના મોટાભાગના મુખ્ય ધાર્મિક સ્થળોએ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા ઊભી કરાઈ છે. તેવી જ રીતે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર સંકુલ પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝળહળી ઉઠશે અને રાજયના અન્ય પ્રવાસન સ્થળોની જેમ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર પણ એક સમયે ગુજરાતના ટોપ ફરવાલાયક સ્થળોની યાદીમાં સ્થાન મેળવશે.

## ઘરકામ, પશુપાલન, ખેતીકાર્ય, પારિવારિક જવાબદારીઓ સાથે

# બગસરાનાં રફાળા ગામની બહેનો આર્થિક રીતે પગભર બની

**વિલેજ ઓર્ગેનાઈઝેશનને રાજય સરકાર દ્વારા ૭.૫૦ લાખનું અનુદાન મેળવ્યું છે**

**અવનવા ૩૫ પ્રકારનાં સાબુ અને અન્ય સૌંદર્ય પ્રસાધનોની વસ્તુઓ બનાવી રોજગારીની કેડી કંડારી**

**સોશ્યલ મીડિયાનાં માધ્યમથી પણ હર્બલ પ્રોડકટ્સનું વેચાણ કરતાં સખી મંડળો**

**બહેનોની કંઈક નવું કરવા માટેની ધગશ અને મહેનતનાં સરવાળાએ નાનુ એવું ગામ ગોલ્ડન વિલેજ બન્યું**







આલેખન : રોહિત ઉસદડ
તસવીર : મધુસુદન ધડુક









અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લાના રફાળા ગામની ગોલ્ડન વિલેજ તરીકેની એક આગવી ઓળખ તો છે જ. પરંતુ તેને હજુ એક નવી ઓળખ મળે તો નવાઈ નહિ ! આ ગામની સ્વસહાય જૂથ–સખી મંડળની બહેનોએ વિવિધ ઔષધિય પદાર્થોના મિશ્રણથી, અગાઉ નામ ન સાંભળ્યા હોય તેવા અવનવા ૩૫ પ્રકારના જુદાં–જુદાં સાબુ અને અન્ય સૌંદર્ય પ્રસાધનોની વસ્તુઓ બનાવી અને તેના વેચાણ દ્વારા સ્વરોજગારીનો માર્ગ પ્રશસ્થ કર્યો છે.

આશરે ૮૦૦ નાગરિકોની વસ્તી ધરાવતા બગસરા તાલુકાના રફાળા ગામે અશકયને શકય બનાવી મહિલા રોજગારીના કાર્યને વેગવંતુ કર્યુ છે. કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજના, એક શિક્ષિક બહેન અને સેવાકીય સંસ્થાના સહિયારા પ્રયાસ ઉપરાંત કંઈક નવું કરવા માટેની બહેનોની ધગશ અને મહેનતના સરવાળાએ રફાળાને ખરાં અર્થમાં ગોલ્ડન વિલેજ બનાવ્યું છે.

રફાળા ગામની સખી મંડળની બહેનોએ ઘરકામ, પશુપાલન, ખેતી કાર્ય અને પારિવારિક જવાબદારીઓ સાથે આર્થિક રીતે સ્વનિર્ભર થવાની નેમ લીધી હોય તેમ ઘરબેઠાં કંઈક અલગ કરવું તેમ વિચાર્યુ હતું, તેમના આ ઉદ્દેશ્યને પાર પાડવા બગસરાના વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટે આ બહેનોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કર્યા, આ બહેનોને વિશેષ તાલીમ આપી તેમના આત્મબળમાં ઉમેરો કર્યો અને આ મહિલાઓની કુનેહને નવી દિશા આપવાનું સોનેરી કાર્ય કર્યુ છે, જે કાર્યએ ગોલ્ડન વિલેજ રફાળાની બહેનોને સોનેરી દિશા માટેના પગલાઓ ભરવામાં સહાય મળી.

કુદરતી તત્વો અને વિવિધ ઔષધિઓના મિશ્રણથી ભરપૂર અવનવા ૩૫ પ્રકારના સાબુ, હેર ઓઈલ, શેમ્પૂ, કન્ડિશનર, ત્રણ પ્રકારના ફેઈસ પેક સહિત વિવિધ સૌંદર્ય પ્રસાધનની ચીજવસ્તુઓ બનાવી સ્વરોજગારીનો નવો માર્ગ કંડારી અનેક મહિલાઓને ઘરબેઠાં કંઈ વિશેષ કરવાનો પ્રેરક સંદેશ પૂરો પાડયો છે.

રફાળા ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતી ભાવનાબેન રાકેશભાઈ માલવિયા બહેનોને રચનાત્મક અને આર્થિક રીતે પગભર બને તે માટે પ્રયાસો શરૂ કરે છે, આ માટે તેમણે બગસરા ખાતે કાર્યરત વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટની મદદથી આર્થિક પ્રવૃત્તિઓમાં જોડવાનું શરૂ કર્યુ, ગામમાં સખીમંડળોની રચના થઈ.

બચત કરવાની સાથે મહિલાઓ આર્થિક રીતે પગભર બને તે માટે ઔષધીય પદાર્થોના મિશ્રણથી સૌંદર્ય પ્રસાધનની સાબુ સહિતની ચીજવસ્તુઓ બનાવવા માટે મહિલાઓને ખાસ તાલીમ વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવી, મહિલાઓને તાલીમ આપી તેમને કંઈક કરવા તેમનામાં રહેલા આંતરિક સૂઝ અને કુનેહને કામે લગાડવા માટે પ્રેરણા પૂરી પાડી, સતત પ્રોત્સાહિત કર્યા. તેના પરિણામે રફાળાના બહેનો વિવિધ એકિઝબિશનમાં ભાગ લે છે. વધુમાં તે હાથ બનાવટની વસ્તુઓનું વેચાણ ઓનલાઈન માધ્યમથી અને ઘરબેઠાં વેચાણ કરી રહ્યા છે.

શ્રીમતી ભાવનાબેન માલવિયા કહે છે કે, એકસાથે ઘણી બધી જવાબદારીઓ નિભાવતા બહેનો પ્રવર્તમાન સમયે આર્થિક રીતે પગભર બને તે જરૂરી છે. ગોપી, ગોલ્ડન અને ગૌમુખી સખી મંડળના બહેનોએ કાકડી, ટમેટા, બટેટા, ચંદન, કેસુડા, લીમડો, એલોવેરા, નીમ, હની બેસન, તુલસી, મુલતાની માટી, પપૈયા, બેસન, કોફી અને મુલતાની માટીનો થ્રી લેયર શોપ, હેર વોશ માટે શિકાકાઈ, અરીઠાં અને આમળાં સહિતના ભારતીય ઔષધિઓના સાબુ, જુદાં–જુદાં ફેસપેક બનાવ્યા છે, જેનું વેચાણ સારી રીતે અને સારી માત્રામાં થઈ રહ્યુ છે.

ગોલ્ડન સખી મંડળના પ્રમુખ શ્રીમતી પંછીલાબેન રજનીશભાઈ વેકરિયા જણાવે છે કે, ચાર વર્ષથી બહેનોએ સખી મંડળના માધ્યમથી આર્થિક બચત કરી છે. આ દરમિયાન વિ માનવસેવા ટ્રસ્ટના જરૂરી સહયોગ અને તાલીમની મદદથી ૩૫ ફલેવર્ડના સાબુ, હેર ઓઈલ, કન્ડિશનર, લીપ બામ બનાવી સફળતા મેળવી, તેનું ખૂબ સારૂં વેચાણ કરી મહિને અંદાજે રૂા. ૩૦,૦૦૦નું વેચાણ થઈ રહ્યું છે.

બી.સી.એ. નો અભ્યાસ કરેલી અને ગોપી સખી મંડળ સાથે જોડાયેલી યુવા સભ્ય પ્રિયા બાંભરોલિયા કહે છે કે, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગ થકી ઓનલાઈન હર્બલ પ્રોડકટનું વેચાણ કરી રહ્યા છીએ. આ ઉપરાંત ઘરબેઠાં અને એકિઝબિશનના માધ્યમથી પણ આ પ્રોડકટસનું માર્કેટિંગ થાય છે, આ આયુર્વેદિક ચીજ વસ્તુઓનું વેચાણ સતત વધી રહ્યું છે. અમે બધા બહેનો આ ચીજવસ્તુઓના જથ્થાની માંગને પહોંચી વળવા સતત અને સખત ઉદ્યમ કરીએ છીએ.

રફાળા ગામે ગોલ્ડન, ગોપી, ગૌમુખી, ગોમતી અને આંબેડકર સ્વ સહાય જૂથ કાર્યરત છે. આ પાંચ જૂથના બનેલા વિલેજ ઓર્ગેનાઈઝેશનને રાજય સરકાર દ્વારા પ્રત્યેક સખીમંડળ માટે રૂા. ૧.૫૦ એટલે કે ૫ સખી મંડળ માટે કુલ રૂા. ૭.૫૦ લાખનું અનુદાન પણ આપવામાં આવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં 3 વ્યકિતઓ ઉપર**

ઈરાદે ફોરવ્હીલ પુરઝડપે ચલાવી ત્રણેયને હડફેટે લેતાં વકીલને માથાના ભાગે, દાઢી, ડાબા નેણ ઉપર ઈજા કરી તેમજ હિતેષભાઈને માથાના ભાગે તથા શરીરે મુંઢ ઈજાઓ કરેલ હતી અને ફરીવાર આરોપી કાર ચાલકે આ વકીલ સહિતના ત્રણેય ઉપર ફોરવ્હીલ ચડાવી દેવાના ઈરાદે પુર ઝડપે રિર્વસ લઈ ફરીવખત પ્રયાસ કર્યો હતો અને આ કારના ચાલકે સિવિલ હોસ્પિટલ ખાતે પડેલ બે બોલેરો વાહનોમાં નુકસાન કરેલ હતું. લોકો એકઠા થઈ જતાં અજાણ્યો કાર ચાલક નાશી ગયો હતો.

આ બનાવમાં વકીલે અજાણ્યા કાર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ બનાવના સીસીટીવી ફુટેજ મેળવી કાર ચાલકને ઝડપી લેવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદમાં જનતા જનાર્દનનાં**

પસાર કરતા હશે એટલે એમને વધારે તકલીફ નહીં પડે નવા બ્રિજ ઉપર પડેલા નાના મોટા ખાડા અને બાપા સીતારામ પાસે પડેલા ખાડાને જોતા એવું લાગી રહ્યું છે કે તમારી થોડી ચૂંક અને તમે સીધા સ્વર્ગની સફરે નીકળી જશો જયારે મોટા મોટા વાહનો આ બ્રિજ ઉપરથી પસાર થતા હોય ત્યારે તંત્ર દ્વારા આવા રસ્તાઓની ખાસ કાળજી રાખવી જોઈએ એ ખૂબ જરૂરી છે. બાજુમાં આવેલ જુના બ્રિજ કરતા નવા બ્રિજની દુર્દશા જ પૂલનો વિકાસ બતાવી રહ્યો છે. આ નવા બ્રિજની એક સાઈડમાં પડેલા ખાડા ખાબોચિયાના કારણે વાહન ચાલકો તે ખાડાના કારણે ટુ વ્હીલર ચાલકો તે પડેલા ખાડા ખાબોચિયા તારવીને ટુવ્હીલર કે અન્ય વાહનો અકસ્માત નોતરે તેવી રીતે ડ્રાઈવિંગ કરી રહ્યા હોય પરંતુ નિદ્રાધિન તંત્ર કયારે ધ્યાન આપશે ? કે પછી કોઈ મોટી દુર્ઘટના ઘટે ત્યારે ધ્યાન ઉપર લેવામાં આવશે તેવો સવાલ રાહદારીઓ અને વાહન ચાલકોમાંથી ઊપજી રહ્યા છે. જુના બ્રિજને બંધ કરી નવા બ્રિજને ચાલુ કરવામાં આવ્યો છે. પરંતુ નવા બ્રિજ ઉપર ઘણીવાર અકસ્માતો થયા છે. જયાંથી જુનો બ્રિજ બંધ કરવામાં આવ્યો છે. ત્યારથી નાના મોટા અકસ્માતો થયા છે. આ નવા બ્રિજ ઉપર પડેલા ખાડા ઉપર તંત્ર ધ્યાન આપે તાત્કાલિક ધોરણે તેની કામગીરી કરવામાં આવે તેવી માંગ વાહનચાલકોમાંથી ઉઠી રહી છે. તેમજ અહીંથી પડેલા ખાડાના લીધે કોઈ ટુ વ્હીલર ચાલક યમરાજ સુધી પહોંચી જાય તેવાં ખાડા પડયા હોવા છતાં કુંભકર્ણની નિદ્રામાં સુતેલું પી. ડબલ્યુ. ડી. ના ધ્યાન ઉપર કેમ નથી આવતું મસમોટા ખાડાઓથી કોઈ મોટી દુર્ઘટના ઘટી તો જવાબદારી કોની ? આ પડેલા ખાડાના લીધે કોઈ અમૂલ્ય જીંદગી છીનવાઈ જાય તે પહેલાં સુતેલું તંત્ર જાગે અને યુધ્ધના ધોરણે પડેલા ખાડા ખાબોચિયામાં આરસીસી પાથરી થતા અકસ્માતો અટકાવવામાં આવે તેવી માંગ રાહદારીઓ અને વાહન ચાલકોમાંથી ઉઠી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું **છેતરપીંડી અને વિશ્વાસઘાત કરનાર**

માંગણી કરતા, જીવતીબેનએ આ ઈસમને રોકડ રકમ રૂ.૧,૫૫,૦૦૦ આપતા તે ઈસમ પૈસા લઈ તુરંત જ નિકળી ગયેલ હતો. બાદ આ ઈસમની ખરાઈ કરતા આ અજાણ્યો ઈસમ ખોટુ નામ અને ઓળખ આપી છેતરપીંડી અને વિસઘાતથી કરી પૈસા લઈ ગયેલ હોવાની હકિકત જણાય આવતા, બાધાભાઈએ આ અંગે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ વડીયા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતા – ૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨) મુજબની ફરિયાદ કરવામાં આવેલ હતી

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા આ ગુન્હાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવતા તેમજ આવી એમ.ઓ. ધરાવતા ઈસમો અંગે તપાસ કરવામાં આવેલ તથા વૃધ્ધ પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી, આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે વિસાવદર તાલુકાના બિલખા ગામે જુમ્મા મસ્જીદ પાસે, નાગ્રેચા શેરી નં.૧ માં રહેતા રફીક ઉર્ફે કલો જીકરભાઈ ચોટલીયા નામના ઈસમને પકડી પાડી, સઘન પુછપરછ કરતાં વડીયા તાલુકાના સનાળા ગામે રહેતા વૃધ્ધ સાથે છેતરપીંડી કરેલ હતી.

તેમજ આજથી દોઢેક મહિના પહેલા જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના સણોસરા ગામે પોતાનું મોટર સાયકલ લઈને એક રહેણાંક મકાનમાં ગયેલ. આ મકાનમાં રહેતા એક બહેન હાજર હોય અને પોતાને પાણી પીવુ છે. તેમ કહી, મહિલા સાથે વાતચીત કરી, ખોટી ઓળખ આપી, પૈસાની જરૂર છે. તેવી ખોટી વાત કરી વિસમાં લઈ તેમની પાસેથી રૂપિયા ૫૦,૦૦૦ લઈ જતો રહેલ હોવાની પણ કબુલાત આપતા આરોપી પાસેથી રોકડા રૂપિયા ૨,૦૫,૦૦૦, તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૪,૦૦૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે.૧૧.સી.એ.૫૧૬ કિંમત રૂપિયા ૩૮,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૫૭,૦૦૦નો મુદ્દામાલ સાથે બન્ને ગુનામાં ગયેલ ૧૦૦% રકમ રીકવર કરી, બે ગુન્હનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપી અલગ અલગ જિલ્લાના અલગ અલગ ગામડાઓમાં મોટર સાયકલ ઉપર ભંગારની ફેરીનો ધંધો કરતો હોય, ગામડાઓમાં ફેરી દરમ્યાન વયોવૃધ્ધ અને એકલા રહેતા દંપતિઓના રહેણાંક મકાનને ટાર્ગેટ કરી, તે મકાનમાં પાણી પીવાના અથવા બીજા કોઈ બહાના હેઠળ આ રહેણાંક મકાનમાં જઈ હાજર મહિલા સાથે વાતચીત કરી, તેના સગા વ્હાલાની માહિતી મેળવી, તેનો વિસ કેળવી, ખોટી ઓળખ અને નામ ધારણ કરી, દવાખાનાના કામે તાત્કાલીક પૈસાની જરૂર છે. તેવો વિસ અપાવી છેતરપીંડી અને વિસઘાતથી પૈસા પડાવી લેવાની ટેવ વાળો હોય અને આ દરમ્યાન જો કોઈ વ્યકિત આવી જાય તો પોતે ભંગારની ફેરી કરવા આવેલ હોવાનું જણાવી ત્યાંથી નીકળી જતો અને આ રીતે પોતે ગુનાઓ કરવાની ટેવવાળો છે.


## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર શ્રી **વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલ **ભરતભાઈ વીઠ્ઠલભાઈ શિરોયા,** રહે.સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાનાં સાવરકુંડલા ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામે રેવન્યુ સર્વે નં. ૧૨ પૈકી માં આવેલ પ્લોટ નં. ૧૧ પૈકી, જેનું ક્ષેત્રફળ ૧૧૬–૨૨ ચો.મી. વાળી મિલ્કત ધરાવે છે. તેનો ઉતરોતર રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૩૩૭, તા.૨૬/૧૧/૧૯૮૧ થી જે સ્વ. પટેલ મેઘજીભાઈ કેશવભાઈના વારસદારો પટેલ વૃજલાલ મેઘજીભાઈ, પટેલ કનુભાઈ મેઘજીભાઈ, ક્રિષ્નાબેન મેઘજીભાઈ પાસેથી મનજીભાઈ મોહનભાઈ શિરોયાએ ખરીદ કરેલ તે દસ્તાવેજની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, અને ઉતરોતર દસ્તાવેજ શોધખોળ કરવા છતાં અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબ્જા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭** માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબ્જા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**ભરતભાઈ વીઠ્ઠલભાઈ શિરોયા વતી,**

**વિમલ પી. પોપટ, એડવોકેટ**
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ,
અમરેલી – ૩૬૫૬૦૧ મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦


## અવસાન નોંધ

**બાબરા :** અ.નિ.રતિલાલ નાનજીભાઈ સોલંકી રે. બાબરા તા. ૨૯/૬/૨૦૨૫ને રવિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. તે મંજુલાબેનના પતિ ભાવેશભાઈ, રૂપેશભાઈ, દિપ્તિબેન, કાજલબેનના પિતાશ્રી તથા વર્ષાબેનના સસરા અને હેલીબેનના દાદા તેમજ ધાર્મિક, અક્ષરના નાના થાય. તેમની ઉતરક્રિયા, તા. ૧૦/૭/૨૦૨૫ને ગુરૂવારના રોજ ઠસા ગામ મુકામે રાખેલ છે.


## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ **જમીન ખરીદનાર મેતા ભુપતભાઈ નાજાભાઈ** રહેઃ–સતાપર, તા.કોટડા સાંગાણી, જી. રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ગમા પીપળીયા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **મેતા ભુપતભાઈ નાજાભાઈ,** વેચાણ દસ્તાવેજથી **ગીરધરભાઈ જીણાભાઈ ભુત** રહે :– ખોડિયાર કૃપા–૧, ત્રિવેણી સોસાયટી સંત કબીર રોડ રાજકોટ વાળા પાસેથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે ખેતીની જમીનની વિગત નીચે મુજબ છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | **ગીરધરભાઈ જીણાભાઈ ભુત** | ૧૧૦૯ | ૨૫૬/પૈકી ૧/ પૈકી ૧ | ૧–૧૦–૨૭ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબ્જા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૦ (દસ)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **મેતા ભુપતભાઈ નાજાભાઈ**ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૦૧–૦૭–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી મેતા ભુપતભાઈ નાજાભાઈની**
**સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)
રાજકોટ – ભાવનગર હાઈ–વે, અવધ ટાઈમ્સના ગેટની અંદર,
બસ સ્ટેશન સામે મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬ / ૯૪૮૪૪ ૫૫૩૩૩

# સાવરકુંડલામાં ધારાસભ્ય કસવાલાના કાર્યાલય ખાતે આયુષ્માન વયવંદના કાર્ડ કેમ્પ યોજાયો



સાવરકુડલા શહેર તેમજ ગ્રામ્ય ભારતીય જનતા પાર્ટી દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના કાર્યાલય, સત્વ અટલ ધારા ખાતે આયુષ્માન વયવંદના કાર્ડ કેમ્પનું સફળ તાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહશેભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, ''વડીલોના સ્વાસ્થ્યની સંભાળ રાખવી એ આપણી સામાજીક અને નૈતિક ફરજ છે. આયુષ્માન વયવંદના કાર્ડ દ્વારા તેમને ઉત્તમ આરોગ્ય સેવાઓ સુલમ બનશે અને તેમનું જીવન વધુ સુવિધાયુકત બનશે.'' આ કેમ્પનો ઉદેશ્ય શહેરના વયોવૃધ્ધ નાગરિકોને આયુષ્માન વયવંદના કાર્ડનું વિતરણ કરવાનો હતો, જેના દ્વારા તેમને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળી શકશે. આયોજીત આ કેમ્પમાં શહેર તેમજ ગ્રામ્ય અનેક વડીલ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને તેમને આ કેમ્પમાં બે દિવસમાં ૧૭૮ આયુષ્માન વયવંદના કાર્ડ કાઢવામાં આવ્યા. આ કાર્ડ થકી, વડીલો હવે આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતાઓનો લાભ લઈ શકશે, જે તેમના સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ કાર્ડ પ્રાપ્ત કરનાર વડીલ નાગરિકોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનો આધાર વ્યકત કર્યો હતો આ પ્રસંગે સાવરકુંડલા શહેર તેમજ ગ્રામ્ય ભાજપ દ્વારા આયોજીત આ કેમ્પ સમાજ પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતા અને નાગરિકોના કલ્યાણ માટેના પ્રયાસોનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે.

### સમંગ્ર પંથકે તેજસ્વી એડવોકેટ ગુમાવી દીધા

## બાબરાનાં એડવોકેટ ભટ્ટ નું અવસાન થતાં શ્રધ્ધાસુમન પાઠવાતાં નગરજનો

### રાજકીય અને સામાજિક આગેવાનોએ દુઃખ વ્યકત કરીયુ

બાબરા, તા. ૧

બાબરામાં બ્રહ્મસમાજના યુવા અગ્રણી અને નામાંકિત એડવોકેટ એન્ડ નોટરી કુલદીપ ભટ્ટનું યુવાન વયે અકાળે દુઃખદ નિધન થતા પરિવાર પર આભ ફાટી પડયું હતું બ્રહ્મસમાજ સહિત વકીલ મંડળ અને શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું હતું દરેક સમાજ સાથે ખૂબ નજીકથી રહેતા અને મિલનસાર સ્વભાવના વ્યક્તિ કુલદીપભાઈ નું એકાએક નિધન સૌ કોઈની આંખ ભીની કરી ગયું હતું. સદગતના બેસણામાં શહેર અને તાલુકામાં તમામ વર્ગના લોકો સામાજિક અને રાજકીય અગ્રણીઓ વેપારીઓ તેમજ સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહી સદગતના આત્મા ને શ્રધ્ધાંજલિ પાઠવી પરિવાર પર આવેલ દુઃખને સહન કરવાની ની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી સાંત્વના કુલદીપભાઈના પુત્ર કેદાર ભટ્ટ ને પાઠવી હતી. ધારાસભ્ય, માજી ધારાસભ્ય, પૂર્વ કેબિનેટ પ્રધાન બાવકુભાઈ ઉઘાડ, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ



વાવડીયા, રમેશભાઈ સાંગડિયા, નાગરિક બેંન્કના ચેરમેન હસુભાઈ પોપટ, ભુપતભાઈ બસિયા, વકીલ મંડળના પ્રમુખ વશરામભાઈ સુસરા, સહિતના તમામ વિદ્વાન વકીલ મિત્રો, ડો વેલાંણી, ડો સાકીર વ્હોરા પત્રકાર રાજુભાઈ બસિયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા નગરપાલિકા સભ્યો ધર્મેશભાઈ વાવડીયા, અશ્વિનભાઈ મકવાણા, ખોડલભાઈ મકવાણા, બાબરાના પૂર્વ મામલતદાર ચિંતન વૈષ્ણવ, યાર્ડના ચેરમેન જીવાજીભાઈ રાઠોડ, વાઈસ ચેરમેન બીપીનભાઈ રાદડિયા, જિલ્લા બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ અને સૌરાષ્ટ્રના નામાંકિત એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી, બાબરા ગાયત્રી મંદિર બ્રહ્મસમાજ પ્રમુખ પ્રવીણભાઈ ત્રિવેદી, તાલુકા બ્રહ્મસમાજ પ્રમુખ હસુભાઈ જોશી, રાજગોર બ્રહ્મસમાજ પ્રમુખ કાકુભાઈ ચાંવ, રાજુભાઈ તૈરયા, નરૂભાઈ ત્રિવેદી, નરેશભાઈ ઉપાધ્યાય, અરવિંદભાઈ ત્રિવેદી, અતુલભાઈ ત્રિવેદી સહિતના બ્રહ્મસમાજ અગ્રણીઓ, યુવા ભાજપ જિલ્લા મહામંત્રી જગદીશ નાકરાણી, બાબરા લાઠી મામલતદાર કચેરી સ્ટાફ, સબ રજિસ્ટ્રાર કચેરી અધિકારી ગોહેલભાઈ સહિત સ્ટાફ, મુકેશભાઈ ખોખરીયા, યાર્ડના સેક્રેટરી અજયભાઈ પંડયા, રામાનંદી સાધુ સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારી, જીનીગ ઉધોગપતિ યોગેશભાઈ દશલાણીયા, મનોજભાઈ કનૈયા સહિતના યુવા બ્રહ્મસમાજના અગ્રણીઓ, અનિલભાઈ ચૌહાણ, વિપુલભાઈ ત્રિવેદી, લાલુકૈલા, વસંત તૈરયા, સહિતના ખાદી મિત્ર સર્કલ તમામ લોકો દરેક સમાજના પ્રમુખ અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં લોકોએ સ્વર્ગસ્થ કુલદીપભાઈ ભટ્ટ ને શ્રધ્ધાસુમન અર્પણ કરી ભટ્ટ પરિવાર ને સાંત્વના પાઠવી હતી.

## સાળવા પ્રાથમિક શાળામાં પ્રવેશ ઉત્સવની ઉજવણી

ખાંભા, તા. ૧

રાજય સરકાર પ્રેરિત ખાંભા તાલુકાની સાળવા પ્રા. શાળામાં જિલ્લા અધિકારી સાવનેરની ઉપસ્થિતિમાં બાલવાટિકામાં નાના ભુલકાઓને પ્રવેશ આપીને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યના માર્ગદર્શન અને સ્ટાફના સહયોગથી તેમજ ગામના લોકોના સહયોગથી કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

### શ્રાવણી જુગાર શરૂ થયેલ લાગે છે

## સાવરકુંડલાના હીપાવડલી ગામેથી ૪ પતાપ્રેમીઓ ઝડપાયા

### પોલીસે રૂપિયા ૧૦ હજાર કબ્જે કર્યા

અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામે રહેતા બાબુભાઈ બાલાભાઈ મકવાણા, સુરેશભાઈ કાનાભાઈ નાગર, જયસુખભાઈ શામજીભાઈ કલાણીયા સહિત ચાર ઈસમો તા. ૩૦ના રોજ સાંજે ૬ વાગ્યે હીપાવડલી ગામે લટુરીયા હનુમાનજી આશ્રમથી થોડે દુર આવેલ નદીના પટમા જાહેર પડતર જગ્યામાં પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડા રૂ. ૧૦૨૦૦ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### માહિતી અધિકારી અધિનિયમ હેઠળ

## અમરેલી જિલ્લા પંચાયત ખાતે અધિકારી, કર્મચારીઓ માટે તાલીમ વર્કશોપ યોજાયો

### વિવિધ નિયમોનુ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ

અમરેલી, તા. ૧

માહિતી અધિકારી અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત આર.ટી.આઈ.ની કામગીરી સંભાળતા પ્રો-એકિટવ ડીસ્કલોઝર સહિતની બાબતોને આવરી લેતા વર્કશોપમાં જાહેર માહિતી અધિકારીઓ અને મદદનીશ જાહેર માહિતી અધિકારીઓને અમરેલી જિલ્લા પંચાયત ખાતે તાલીમ આપવામાં આવી હતી.



અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા આ વર્કશોપમાં, જિલ્લા પંચાયત હેઠળના જે તે કચેરીના જાહેર માહિતી અધિકારીઓ તથા સબંધિત કચેરીના મદદનીશ જાહેર માહિતી અધિકારીઓને આરટીઆઈ એકટ અન્વયે કરવાની કામગીરી બાબતે તાલીમ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયતના તમામ અધિકારીઓ, કર્મચારીઓને આર.ટી.આઈ.-૨૦૦૫ અંતર્ગત ધ્યાનમાં રાખવાની બાબત વિશે માર્ગદર્શન આપ્યુ હતું. પ્રો-એકિટવ ડિસ્કલોઝર બનાવવા રજુ થતી અરજીઓનો યોગ્ય રીતે નિકાલ કરવો તે તમામ બાબતોને આવરી લેવામાં આવી હતી. આર.ટી.આઈ.- ૨૦૦૫ અન્વયે વિવિધ નિયમોનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્કશોપમાં, મહેકમ અને વિકાસ નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, પ્રોગ્રામ ઓફિસર સહિત પંચાયત અન્વયેની વિવિધ કચેરીઓના અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, મદદનીશ ખેતી નિયામકઓ, સી.ડી.પી.ઓ., તાલુકા આરોગ્ય અધિકારીઓ, સિંચાઈ, બાંધકામ, પાણી પુરવઠાના નાયબ કાર્યપાલક ઈજનેરઓ તથા તાલુકા કક્ષાના અધિકારીઓ તેમજ પંચાયતની વિવિધ કચેરીઓના મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ અમરેલી જિલ્લા પંચાયત કચેરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાકિસ્તાન જિંદાબાદની પોસ્ટ શેર કરનારને જામીન નહીં

અલ્હાબાદ, તા. ૧

ફેસબુક પર 'પાકિસ્તાન જિંદાબાદ'ની પોસ્ટ શેર કરનારા ૬૨ વર્ષીય આરોપી અંસાર અહેમદ સિદકીની જામીન અરજી કોર્ટે નકારી દીધી છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે, રાષ્ટ્ર વિરોધી મામલા પ્રત્યે ન્યાયપાલિકાની સહનશીલતાથી આ પ્રકારના મામલા વધી રહ્યા છે. અંસાર અહેમદને જામીન આપવાનો ઈન્કાર કરતાં જસ્ટિસ સિદ્ધાર્થે કહ્યું કે, દેશમાં આ પ્રકારના ગુનાઓ સામાન્ય બની ગયા છે. અલ્હાબાદ હાઈકોર્ટે આ વિશે વધુમાં કહ્યું કે, 'અરજદારના આ કૃત્યથી સ્પષ્ટ રૂપે બંધારણનું અપમાન છે. ભારત વિરોધી પોસ્ટ શેર કરવી દેશની સંપ્રભુતાને પડકાર આપવો અને દેશની અખંડતાને ખરાબ રીતે પ્રભાવિત કરનારું છે. અરજદાર સીનિયર સિટિઝન છે. તેમની ઉંમર જણાવે છે કે, તે સ્વતંત્ર ભારતમાં જન્મ્યા છે. તેમ છતાં તેમનું આ બેજવાબદારી પૂર્વકનું વર્તન અને રાષ્ટ્ર વિરોધી આચરણ તેમને બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સ્વતંત્રતાના અધિકારને સંરક્ષણ પાત્ર નથી બનાવતા. જોકે, જામીન અરજી નકારવાની સાથે જ કોર્ટે એવો પણ નિર્દેશ કર્યો કે, અરજદારની સામે નીચલી કોર્ટમાં કેસની સુનાવણી જલ્દીમાં જલ્દી કરવામાં આવે. ઉત્તર પ્રદેશના બુલંદશહેરના છતરી વિસ્તારમાં અંસાર અહેમદ સિદીકી સામે બીએનએસની કલમ ૧૯૭ (રાષ્ટ્રીય એકતાને કમજોર કરનારું કૃત્ય), ૧૫૨ (ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડિતાને જોખમમાં મૂકવાનું કૃત્ય) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે સુનાવણી દરમિયાન, અંસાર અહેમદના વકીલની દલીલ હતી કે, ત્રીજી મે, ૨૦૨૫ના દિવસે અરજદારે ફેસબુક પર ફક્ત વીડિયો શેર કર્યો હતો. તે સિનિયર સિટિઝન છે અને તેમની સારવાર ચાલી રહી છે. જોકે, સરકારી વકીલે અંસાર અહેમદ સિદકીની જામીન અરજીનો વિરોધ કરતાં કહ્યું કે, અજદારનું આચરણ દેશ હિતની વિરોધમાં છે. તે જામીન પર મુક્ત થવાને લાયક નથી. સરકારી વકીલે પણ કહ્યું કે, આ વીડિયો પહલગામામાં આંતકવાદી દ્વારા ૨૬ લોકોની હત્યા બાદ પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેના પરથી સ્પષ્ટરૂપે સાબિત થાય છે કે, અરજદારે ધાર્મિક આધારે આતંકવાદીઓના કૃત્યનું સમર્થન કર્યુ છે. બંને પક્ષોની સુનાવણી બાદ હાઈકોર્ટે ૨૬ જૂને પોતાના આદેશમાં કહ્યું કે, ભારતના દરેક નાગરિકનું એ કર્તવ્ય છે કે, તે બંધારણનું પાલન કરે. ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડિતતાનું સન્માન કરે.

### વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજના

## એક વર્ષમાં ૯૬ લાખ દિવ્યાંગોએ એસટી બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો

### દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઇ રહ્યા છે

અમદાવાદ, તા. ૧

ગુજરાત એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે. દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઈ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં GSRTCની તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે.

આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને રૂ. ૭૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી હતી. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યના નાગરીકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુકત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.

ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્રાવ, દજારી સ્નાયુબદ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. દિવ્યાંગો દ્વારા નિગમની બસોમાં કરવામાં આવેલ વિનામૂલ્યે મુસાફરી સામે થયેલ ખર્ચની ગ્રાન્ટ સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા નિગમને આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ માં કુલ -૯૬૫૨૬૧૯ દિવ્યાંગ વ્યક્તિ અને કુલ-૧૩૨૭૭૮૪ દિવ્યાંગ વ્યક્તિઓના સહાયકો દ્વારા નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો હતો. આમ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ અને દિવ્યાંગ સહાયક માટે મુસાફરી પેટે ૭૫ કરોડથી વધુની સહાય નિગમને આપવામાં આવી છે.

## હિમાચલના મંડીમાં આભ ફાટતાં તબાહીના દ્રશ્ય સર્જાયા

હિમાચલ પ્રદેશ, તા. ૧

પૂર અને વરસાદ વચ્ચે, હિમાચલ પ્રદેશમાં ભારે વિનાશ સર્જાયો છે. હિમાચલના મંડીના ધર્મપુર, લૌંગણીમાં વાદળ ફાટવાના સમાચાર સામે આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, કરસોગ ખીણમાં વાદળ ફાટવા જેવી સ્થિતિમાં ૭થી ૮ મકાન પાણીમાં વહી ગયા છે. અનેક વિસ્તારોમાં ગાડીઓ વહેતી હોય તેવી પણ તસવીરો સામે આવી છે. હાલ લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. વળી, કુલ્લુની બંજાર ખીણમાં તીર્થન નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. જ્યાં વરસાદ અને પૂરના કારણે અનેક રસ્તાઓ તૂટી ગયા છે.

કરસોગના મેગલીમાં નાળામાં પાણી ગામથી થઈને વહેવા લાગ્યો જેનાથી લગભગ ૮ ઘર અને બે ડઝનથી વધુ ગાડીઓ તેની લપેટમાં આવી ગઈ છે. પહાડોમાં નાળાઓએ એટલા ભયાનક સ્વરૂપે વહી રહ્યા છે કે, પાણી ગામડાંઓમાં ભરાઈ ગયા છે, જેના કારણે લોકો અડધી રાત્રે ઘરોમાંથી નીકળીને રસ્તા પર પહોંચી ગયા છે. હાલ, પહાડો પર સ્થિત પોલીસ કેમ્પમાં લોકોને રહેવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ધર્મપુરમાં નદીનું પાણી લગભગ ૨૦ ફૂટ ઉપર વહેવા લાગ્યું છે, જેના કારણે બજાર અને પોલીસ સ્ટેશન જળમગ્ન થઈ ગયા છે. થુનાગમાં મુખ્ય બજારના રસ્તામાં જ નાળું વહેવા લાગ્યું છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે, જેના કારણે લોકોને આખી-આખી રાત જાગવું પડ્યું હતું. અનેક વિસ્તારોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે લોકોને પોતાની ખાનગી વસ્તુઓનું નુકસાન વેઠવું પડી રહ્યું છે, વળી રસ્તા પર પરિવહન પણ ખોરવાઈ ગયું છે. સોમવારે ભારે વરસાદના કારણે રાજ્યમાં અનેક ઈમારતો તૂટી ગઈ હતી અને ભૂસ્ખલનના કારણે રસ્તા પર પણ અવરોધ ઊભા થયા છે. ભારે વરસાદના કારણે વાદળ ફાટવા, પૂર અને ભૂસ્ખલનના કારણે મંડીમાં ૧૨૯ અને સિરમૌર જિલ્લામાં ૯૨ સહિત રાજ્યમાં ૨૫૯ રસ્તા બંધ થઈ ગયા અને ૬૧૪ ટ્રાન્સફોર્મર તેમજ ૧૩૦ પાણી પુરવઠાની યોજનાઓ ખોરવાઈ. ૨૦ જૂને વરસાદના આગમન બાદથી અત્યાર સુધી રાજ્યમાં વરસાદ સાથે જોડાયેલી ઘટનાઓમાં ૨૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જોકે, પાણીમાં વહી જવાના કારણે અનેક લોકો ગુમ હોવાના માહિતી સામે આવી છે. તંત્ર દ્વારા હાલ તે લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. હિમાચલ પ્રદેશમાં ચોમાસાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ભારે વરસાદના કારણે જ્યાં નદી-નાળા ઉભરાઈ રહ્યા છે, ત્યાં પહાડોમાં તિરાડો અને રસ્તાઓ પર કાટમાળ પડવાથી લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પહેલી જુલાઈથી ૬ જુલાઈ સુધી હિમાચલ પ્રદેશમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આજે પણ વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે.

તંત્ર દ્વારા મંડીથી સ્થાનિક લોકો અને પ્રવાસીઓને કોઈપણ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવાની અપીલ કરી છે. તંત્રએ સાવચેતી આપતાં કહ્યું કે, આગામી થોડા કલાકોમાં વરસાદ હજુ વધી શકે છે એવામાં મુસાફરી કરવાથી બચો અને તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાઈઝરીનું પાલન કરો.

# અમરેલી ખાતે સહકારીતા દિવસ નિમિત્તે અમર ડેરીમાં વૃક્ષારોપણ કરાયુ



અમરેલી આતરરાષ્ટ્રીય સહકારીતા દિવસ નિમિતે તથા ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે તા. ૧ થી ૬ જુલાઈ સુધી અમર ડેરીના ચેરમેન અનિ સાવલીયાના અધ્યક્ષ સ્થાને સહાકર ક્ષેત્રના વિવિધ કાર્યક્રમો યોજાશે. તા. ૧/૭/૨૦૨૫ના રોજ અમર ડેરી ખાતે અને ગ્રામ્ય દૂધ સહકારી મંડળી ખાતે વૃક્ષારોપણ યોજાયુ. ૫ જુલાઈ આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના સપ્તાહ, આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ અને ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે અમર ડેરી અમરેલી ખાતે અને તમામ સહકારી દૂધ મંડળી ઉપર તારીખ ૧ થી ૬ જુલાઈ સુધી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તે બાબતે સમૂહ વૃક્ષારોપણ અને વિતરણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં અમર ડેરીના એમ.ડી. ડો. આર.એસ. પટેલ, જી.એમ. ડી.આર. રામાણી સહિત વિભાગીય અધિકારીઓ, કર્મચારીઓ અને દૂધ મંડળીના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પદયાત્રા હોય કે સડક, રેલ્વે હોય કે હવાઈ યાત્રા બધી યાત્રા જોખમી

# અમરેલીનાં જાહેરમાર્ગ ઉપર એસ.ટી. બસ ફસાઈ

ટ્રાફિકથી ધમધમતાં જિલ્લા પંચાયત માર્ગ ઉપર પાલિકાનાં પાપે કરવામાં આવેલ ખાડામાં બસનું ટાયર ફસાયુ

સદ્‌નસીબે બસ ગતિમા ન હોવાથી જાનમાલની સુરક્ષા જોખમાઈ નહી

શહેરમાં ભૂગર્ભ ગટરથી લઈને બિસ્માર માર્ગોની સમસ્યા વિકરાળ બની ચુકી છે

સત્તા પક્ષનાં આગેવાનો વિકાસની વાતો કર્યા કરે અને શહેરીજનો કરે દર્શન વિનાશક ઘટનાનાં







અમરેલી, તા. ૧

અમરેલીનાંજિલ્લા પંચાયત માર્ગ ઉપર આજે મોટી મોણપરી–અમરેલીરૂટનીબસજાહેરમાર્ગમાંપડેલ ખાડામાંસફાઈ જતાંઅફડા–તફડીમચી હતી અને નજીકમાંથી પસાર થતાં શહેરીજનો સત્તા પક્ષનો અમૃતકાળનો અનુભવ કર્યો હતો.

અમરેલી શહેરમાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ ભૂગર્ભ ગટરને લઈને ઠેકઠેકાણે વ્યાપક ફરિયાદો ઉભી થઈ રહીછે. જિલ્લા પંચાયત માર્ગ ઉપર ભૂગર્ભ ગટરની લાઈનમાં ભંગાણ થતાં પાલિકાનાં શાસકોએ તેમની યોગ્ય મરામત કરાવવાનાં બદલે મોરમ ધ્વારા ભંગારને બુરવાનો પ્રયાસ કર્યો અને વરસાદી પાણીને લઈને મોરમ પોચી પડતાં એસ.ટી. બસનું આગળનું વ્હીલ ગટરમાંફસાઈ ગયુંહતું. જોકે બસની ગતિ ધીમી હોવાથી જાન–માલની નુકસાની થઈ ન હતી. શહેરમાં ઠેકઠેકાણે ભૂગર્ભ ગટરનાંઢાંકણા અને માર્ગો પણ તૂટી ગયા હોય શહેરીજનો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

## માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ સમસ્યાનુ કરે નિરાકરણ

# જાફરાબાદમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનેલ બ્રિજ ઉપર પસાર થવામાં સૌને પરેશાની

બ્રિજની બંને બાજુ પાણીનો ભરાવો થતાં વાહન ચલાવવુ મુશ્કેલ



જાફરાબાદ, તા. ૧

જાફરાબાદનો નવા બ્રિજ ઉપર પડયા ખાડા ખાબોચિયાના કારણે બન્ને સાઈડ પર વરસાદી પાણી ભરાઈ જતા વાહન ચાલકો અને રાહદારીઓને અકસ્માત થવાની ભીતી વરસાદના ભરાયેલા પાણીમાં ખાડાઓ પણ ટુ વ્હીલર ચાલકોને દેખાતા નથી તેના કારણે કોઈ મોટો અકસ્માત સર્જાઈ તેવી પણ શકયતાછે. પડેલા ખાડામાંલોખંડનાસળિયા દેખાઈ ગયા હોય કોઈ સળિયો વરસાદી પાણીના લીધે ન દેખાતા કોઈ મોટી દુર્ઘટના ઘટે તેવી પણ શકયતા છે. પહેલા પડેલા ખાડા ખાબોચિયા જેમાં સળિયા દેખાઈ ગયા હતા તે અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થતા પી. ડબલ્યુટી. દ્વારા બૂરી દેવામાં આવ્યું હતું ફકત ને ફકત એક જ ખાડો બૂરી ફોટા પાડી ચાલતી પકડી હતી પરંતુ નક્કર કામગીરી કરવામાં આવતી નથી અહીં વરસાદી પાણી ભરાઈ જતા અવારનવાર ખાડા ખાબોચીયા પડી જતા હોય છે. પરંતુ નવા પુલ ઉપર ખાડાઓ પડતા વાહન ચાલકોને અકસ્માત થવાની ભીતી પરંતુ પી. ડબલ્યુ.ડી. ની નજરમાં કયારે આવશે આ નવા બ્રિજ ઉપરથી મહાકાય વાહનો તથા રાહદારીઓ તથા વિધાર્થીઓ મહિલાઓ ટુ વ્હીલર, તથા ફોર વ્હીલરઓ અહીંથી મોટી સંખ્યામાં પસાર થતા હોય આ નવા બ્રિજ ઉપર પડેલા ખાડા અને સળીયા દેખાય રહ્યા હોય અને તે ઉખડી જાય તેવી સ્થિતિ હોય જે સાઈડમાં પડેલા ખાડા ખાબોચિયા એજ સાઈડ ઉપરથી મહિલાઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પગપાળા ચાલીને જતા હોય છે એજ સાઈડ ઉપર થી ટુ વ્હીલર ચાલકો ફોર વ્હીલર ટ્રકો જતા હોય છે. એજ સાઈડ ઉપર વરસાદી પાણી ભરાઈલા હોય અને સળિયા દેખાઈ ગયા હોવાથી અને વરસાદી પાણી ભરાઈ જતા ન કરે નારાયણને કોઈ સળિયા ટુટી જવાથી કોઈ મોટો અકસ્માત સર્જાઈ તો જવાબદારી કોની..? આ નવા બ્રિજ ઉપર જે સાઈડમાં ખાડા ખાબોચીયા પડી ગયેલા હોવાથી ટુ વ્હીલર ચાલકોને પણ અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે. નવા બ્રિજ ઉપર કયાંક કયાંક થીંગડા મારવામાં આવ્યા હતા તે ઉખાડી ફરી એજ હાલતમાં હોય આ નવા બ્રિજની જે સાઈડમાં પડેલા ખાડાઓના કારણે ટુ વ્હીલર ચાલકોના કરોડરજ્જુ ને ખખડાવી નાખે એવી હાલતમાં હોય ખરાબ રસ્તાઓ પર લાલ આંખ કરવા વાળા આજ નવા બ્રિજ ઉપરથી પોતાની મોંઘીદાટ કારમાં બેસી

અનુસંધાન પાના ૬ ઉપર

## માર્ગનું ડાયર્ઝન થાય અને મુસાફરોને વધારે રકમ શું કામ ?

# સાવરકુંડલાથી અમરેલી સુધીનાં ગામોનાં મુસાફરી ભાડામાં એસ.ટી.એ કરેલ વધારો પરત કરવા માંગ

વિભાગીય નિયામકને પત્ર પાઠવવામાં આવ્યો

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલામાં હાલ અમરેલીરોડ ઉપર રોડની કામગીરી છેલ્લા ૩ માસથી ચાલી રહી છે સાવરકુંડલાથી અમરેલી, તરફનાં ગામડાઓમાં જવા માટે ડાઈવર્ઝન કરવામાં આવેલ છે. જે ડાઈવર્ઝન વાહન ચાલકો માટે વ્યવસ્થા જાળવવા માટે કરવામાં આવતો હોય છે, ત્યારે પરિવહન વિભાગ દ્વારા સાવરકુંડલાથી અમરેલી તરફનાં ગામડાઓમાં જવા માટે એકાએક ટીકીટમાં વધારો કરવામાં આવેલ છે.

આ અંગે પરિવહન નિગમ દ્વારા કોઈ ભાવ વધારા અંગેની જાહેરાત કરવામાં આવેલ નથી. અને જયારે પણ કોઈ રોડ રસ્તાના કામો શરૂ હોય ત્યારે વાહનોને નક્કી કરેલ જગ્યાએ પહોંચવા અને પહોચાડવા માટેના મુસાફરોને સુવિધા માટે ડાઈવર્ઝન કરવામાં આવતો હોય છે. ત્યારે આ ડાઈવર્ઝન પરથી એસ.ટીની બસો પસાર થતા બસ ભાડામાં વધારો કરેલ છે તે ટીકીટમાં વધારો યોગ્ય નથી અને, પરિવહન વિભાગની જવાબદારી હોય છે, તેમને તેમના નક્કી કરેલ ટીકીટ મુજબ અને સ્થળ પર પહોચાડવાની ત્યારે કરવામાં આવેલ ટીકીટમાં વધારો પરત ખેંચવામાં આવે અને આ રૂટની બસોમાં મૂળ ટીકીટ કરતા વધુ રકમના લેવા કંડકટરઓને સુચન કરવા માટે વિભાગીય નિયામક પરિવહન વિભાગને પત્ર સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખને પત્ર પાઠવેલ છે.

## જાગૃત નાગરિકે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલામાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં બિસ્માર બનેલ મકાન હટાવો

ગેસ્ટ હાઉસનું મકાન અતિ જર્જરિત

અમરેલી, તા.૧

સાવરકુંડલાના જાગૃત નાગરિક મહંમદહનીફ ચૌહાણે ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલાના હજારો મુસાફરો તેમજ રાહદારીઓનાં અવર–જવર હોય તેવા ગીચ વિસ્તારમાં ઘણા મહિનાઓથી ગેસ્ટ હાઉસનું મકાન જર્જરિત બન્યું હોય ચોમાસાનાં દિવસોમાં મકાન જમીનદોસ્ત થશે તો જવાબદારી કોની તેવો વેધક પ્રશ્ન સાથે યુદ્ધના ધોરણે બિસ્માર મકાન તોડી પાડવા અંતમાં માંગ કરેલ છે.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)